શ્રી

જુનાગઢ

વડનગરા નાગર તથા નાગર બ્રાહ્મણની જ્ઞાતિની

વસ્તી ગણત્રી સંબંધી

રીપોર્ટ.

જુનાગઢ વડનગરા નાગર તથા નાગર બ્રાહ્મણ જ્ઞાતિના

ઉપયોગ માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર

જુનાગઢ વડનગરા નાગર તથા નાગર બ્રાહ્મણ

વિદ્યોત્તેજક મંડળ તરફથી

મથુરાંદાસ અમૃતલાલ વસાવડા (પ્રેસીડેન્ટ)

મુ. જુનાગઢ

પ્રત ૭૦૦. પ્રથમાવૃત્તિ.

સને ૧૯૧૫. સંવત ૧૯૭૧.

કીંમત રૂ. ૧ એક સુધી યથેચ્છ.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक ૫૦૦૫ वर्गांक
पुस्तकनुं नाम વસ્તી ગણત્રીનો રીપોર્ટ
विषय સ. ૧૪૯૨૩ નો ૦૨૬૫ : ૨૧૯૬૩ ગાળ

શ્રી

જુનાગઢ

વડનગરા નાગર તથા નાગર બ્રાહ્મણની જ્ઞાતિની વસ્તી ગણત્રી સંબંધી

રીપોર્ટ.

જુનાગઢ વડનગરા નાગર તથા નાગર બ્રાહ્મણ જ્ઞાતિના
ઉપયોગ માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર
જુનાગઢ વડનગરા નાગર તથા નાગર બ્રાહ્મણ
વિદ્યોત્તેજક મંડળ તરફથી
મથુરાંદાસ અમૃતલાલ વસાવડા (પ્રેસીડેન્ટ)
મુ. જુનાગઢ.

પ્રત ૭૦૦. પ્રથમાવૃતિ.

સને ૧૯૧૫. સંવત ૧૯૭૧.

કીંમત રૂ. ૧ એક સુધી યથેચ્છ.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
...વાદ
ગુજરાતી ...પીરાઇટ-સંગ્રહ

અમદાવાદ :
ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યો—પાંચકૂવા.

ॐ

श्री हाटकेश्वरो जयति ॥

પ્રાર્થના પુષ્પાંજલિ.

भजंति हाटकेश्वरं सुभक्ति भावतोत्रये ।
भवंति हाटकेश्वराः प्रमाणमत्र नागराः ॥
धनेन तेज साधिकाः कुलेनचाखिलोन्नता ।
नमामि नाटकेश्वरं भजामि हाटकेश्वरम् ॥

ભેરવી.

પ્રણમીએ હટકેશ્વર સાષ્ટાંગે—ટેક

દર્પ કંદર્પ હર, સર્પ ભૂષીત કર, ભવ્ય સ્વરૂપ ભસ્માંગે;
રૂંઢમાળ ધર, ચંદ્ર ભાલપર, ઉમિયાજી અર્ધાંગે. ૧
શૂલધર શંકર, ત્રિપુર અસુરહર, સૂરરક્ષક ખટ્વાંગે;
ભોળાનાથનો મહિમા મોહોટો, વેદ અને વેદાંગે. ૨
તાપ વિમોચન ત્રિલોચન ત્ર્યંબક, શોભે ગંગ તરંગે;
વંદન કરીએ ઇષ્ટદેવને, જ્ઞાતિ કાર્ય પ્રસંગે. ૩
કર દ્વય જોડી માગી લઈએ, જ્ઞાતિ ઉદય સર્વાંગે;
વિઘ્ન વિનાશક, પાર ઉતારો, કાર્ય આ સાંગોપાંગે. ૪

બીહાગ.

હટકેશ્વરને પ્રથમ પ્રણામ—ટેક

અશરણ શરણ ચરણ પદ જેનું, પરમ ધર્મનું ધામ—હટ૦
સફલ કરે ભવજલ આ યાત્રા, અચલ અપાવે સ્થાન—હટ૦
મંગલ કાર્ય સુધારી કૃપાથી, હરજો વિઘ્ન તમામ—હટ૦
ઈષ્ટદેવ નાગર જ્ઞાતિના, કરજો કોટી કલ્યાણ—હટ૦

અનુક્રમણિકા.

વિભાગ ૧ લો.



જુનાગઢની નાગર જ્ઞાતિની વસ્તી ગણત્રી સંબંધી

રીપોર્ટ.

પ્રકરણ ૧ લું.

સંખ્યા તથા અવટંક.

૧. જુનાગઢની વડનગરા નાગરની તથા નાગર બ્રાહ્મણ જ્ઞાતિની વસ્તી ગણત્રી, **જુનાગઢ વડનગરા નાગર તથા નાગર બ્રાહ્મણ વિદ્યોત્તેજક મંડળ** તરફથી સંવત ૧૯૭૦ના આશ્વિન માસમાં (એટલે સને ૧૯૧૪ના અકટોબર માસમાં) કરવામાં આવી હતી. તે સંબંધી સવિસ્તર રિપોર્ટ તે મંડળ તરફથી રજુ કરવામાં આવે છે. આ રિપોર્ટમાં તથા તે સાથેના અંતર પત્રોમાં સંવત ૧૯૭૧ ના માહા વદ ૫ (તા. ૪—૨—૧૯૧૫) સુધીની હકિકત દાખલ કરવામાં આવી છે.

૨. જુનાગઢ નાગર અને નાગર બ્રાહ્મણની જ્ઞાતિની રીતસર ગણત્રી, અમારી માહીતી પ્રમાણે હાલને ધોરણે પહેલવહેલી જ છે અને તે સંબંધી આ રીતસર રિપોર્ટ પણ પહેલો જ છે. નાગર જ્ઞાતિની વસ્તી ગણત્રી, જુનાગઢ યુનીયન કલબ તરફથી કરવાની પ્રવૃત્તિ થઇ હતી અને તેમણે આ પ્રસંગમાં પ્રસંશનીય શ્રમ કર્યો હતો.

૩. આ રિપોર્ટના બે વિભાગ પાડયા છે; પેહેલો વિભાગ નાગર જ્ઞાતિ સંબંધનો છે અને બીજો વિભાગ નાગર બ્રાહ્મણ જ્ઞાતિ સંબંધી છે.

વિભાગ પેહેલો.

નાગરવાડાના દશ વિભાગ વિષે.

૪. વસ્તી ગણત્રીના કાર્યાર્થે અમે આખા નાગરવાડાના દશ વિભાગ (વોર્ડ) પાડયા છે અને તે દરેક વિભાગની હદ મર્યાદા આ સાથેના આંક ૧ના અંતર પત્રમાં દર્શાવી છે. તે દશ વિભાગો નિચે પ્રમાણે છેઃ—

(૧) અજાર ફળીઉં, વાંઝો વાડો, વાળંદ વાડો.

(૨) ગણેશ ફળીયું, (૩) હેદાણ ફળીયું, (૪) ઢાઢીયાવાડો, (૫) રાજ્ય ફળીયું, લુવાણા ખડકી સહીત (૬) નીચી બારી તથા નિશાળની પાટ (૭) લાંબો

પાડો અને બ્રહ્મપોર ફળીયું, (૮) ઢેબર ફળીયું, (૯) વડ ફળીયું તથા વસાવડા ખડકી (૧૦) નવો નાગરવાડો.

૫. આ વિભાગ રા. રા. જટાશંકર જીવણલાલ છાંયાએ, અન્ય પ્રકારના જ્ઞાતિ કાર્યાર્થે પાડયા હતા, તેમાં સહેજસાજ ફેરફાર કરી, અમે તે વિભાગો, આ ગણત્રી પ્રસંગે, ગ્રહણ કર્યા છે અને તે સહાયતા માટે અમે રા. રા. જટાશંકરજીનો આભાર માનીએ છીએ.

વસ્તી ગણત્રીના ફોર્મો તથા સમજુત.

૬. વસ્તી ગણત્રી માટે ફોર્મો છપાવી દરેક ગૃહસ્થ તથા બ્રાહ્મણને કુટુમ્બવાર પુરાં પાડયાં હતાં તથા તે ફોર્મોમાંના આસન ભરવાની સમજુત છપાવી, તે ફોર્મો સાથે જ, પુરી પાડવામાં આવી હતી. આ ફોર્મ તથા સમજુત નમુના તરીકે આ સાથે આંક ૨-૩મે રાખવામાં આવેલ છે. જે પરદેશ હતા તેમને ટપાલદ્વારા જે તે ગામ મોકલવામાં આવ્યાં હતાં.

કુટુમ્બની સંખ્યા.

૭. વસ્તી ગણત્રીના પહેલા પગથીઆ તરીકે નાગર જ્ઞાતિનાં ઘર કેટલાં છે તે નક્કી કરવાનું પ્રાપ્ત થયું; પરંતુ અનુભવ ઉપરથી અમને એમ જણાયું કે જો "ઘરને" "મકાન" ના અર્થમાં સમજી મકાનની સંખ્યા નક્કી કરવાનો પ્રયાસ કરશું તો તે સંખ્યા નક્કી કરવાથી તેનો વાસ્તવિક ઉપયોગ નથી. કારણ કે સ્થિતિ એવી જણાઈ કે—દાખલા તરીકે બે ભાઇઓ વિભક્ત હોય છતાં બન્ને વચ્ચે ઘર એક હોય, એક જુનાગઢમાં રહેતો હોય, બીજો પરદેશ નોકરી કે ધંધા અર્થે રહેતો હોય એટલે એક મકાન, પણ તે પરત્વે બેઉ કુટુમ્બની ગણત્રી પ્રાપ્ત થાય. કેટલીક સ્થિતિ એવી જણાઇ કે એક ગૃહસ્થનું એક મકાન જુનાગઢમાં હોય પરંતુ તે ધંધા અર્થે પરદેશ રહેવાથી તેના ઘરમાં બીજા ગૃહસ્થ ભાડે રહેતા હોય એટલે બે ગૃહસ્થોની એકજ મકાન પરત્વે સ્થિતિ લેખાય. વળી વિશેષમાં એમ પણ માલુમ પડયું કે કેટલીક વિધવા, કુટુમ્બની ગણનામાં જુદી વ્યક્તિ (unit) ગણી શકાય છતાં તે પોતાના મા, બાપ, કે ભાઇ સાથે તેમના મકાનમાં રહેતી હોય.

૮. ઉપરની હકિકતે તથા સ્થિતિને લીધે મકાનની સંખ્યા નક્કી કરવાથી કાંઇ વાસ્તવિક બોધ થતો નથી તેથી અમને એમ જણાયું કે મકાનની સંખ્યા નક્કી કરવાના કરતાં, કુટુમ્બની સંખ્યા નકકી કરવી તે વધારે ઉપયોગી છે અને તે ઉદ્દેશને અનુસરીને અમે આખી નાગર જ્ઞાતિમાં, કુટુમ્બની સંખ્યા એકંદરે કેટલી છે તે ચોકસ કરવા યથાવકાશ પ્રયાસ કર્યો છે. આ સાથેના આંક ૪ ૫, ના પત્રકોમાં આખી નાગર જ્ઞાતિમાં કુલ કુટુમ્બો કેટલાં છે તે બતાવવાની સાથે દરેક વિભાગવાર તેવાં કુટુમ્બો કેટલાં છે, તથા તે કુટુમ્બના મુખી હયાત પુરૂષ કે સ્ત્રીના નામ સાથે તે કુટુમ્બમાં પુરૂષ તથા સ્ત્રીની સંખ્યા કેટલી છે તે હકિકત બતાવી છે. અમુક ૧૫ કુટુમ્બો એવાં જણાયાં છે કે જેમનો પરદેશમાં ધંધા અર્થે નિવાસ હોવાથી, જુનાગઢમાં તેમને માલકીનાં, ઘરેણે કે ભાડે મકાન હોવાનું જણાયું નથી અને તેથી તે ૧૫ કુટુમ્બોનો ઉપરના દશ વિભાગ પૈકી કોઇ પણ વિભાગમાં સમાવેશ કરવાનું બની ન શકતાં, તેમનો સમુહ "વગર વિભાગ" એ સંજ્ઞા નિચે જુદો પાડયો છે અને તેમને આંક ૪, ૫, ના પત્રકમાં છેવટ દર્શાવ્યાં છે.

સં. ૧૯૭૧ ના માહા વદ ૫ ને રોજ નાગર જ્ઞાતિનાં કુલ કુટુમ્બો તથા કુલ વસ્તી તથા તેમાં સ્ત્રી પુરૂષ છોકરાંની સંખ્યા.

૯. આ આંક ૪ ના પત્રક ઉપરથી જણાશે કે જુનાગઢની આખી નાગર જ્ઞાતિમાં સં. ૧૯૭૧ ના માહા વદ ૫ (તા. ૪—૨—૧૫) ને રોજ એકંદરે ૪૨૦ કુટુમ્બો ગણાયાં છે અને જુનાગઢની આખી નાગર જ્ઞાતિમાં એકંદરે ૨૧૦૭ માણસો ગણાયાં છે તેમાં કુલ પુરૂષની સંખ્યા ૧૧૪૦ ની અને કુલ સ્ત્રીની સંખ્યા ૯૬૭ ની ગણાઇ છે. આ પુરૂષની સંખ્યામાં તુરત જન્મેલા છોકરાથી માંડીને તમામ પુરૂષ વર્ગનો સમાવેશ થાય છે અને આ સ્ત્રીની સંખ્યામાં તુરતની જન્મેલી છોકરીથી માંડીને તમામ સ્ત્રી વર્ગનો સમાવેશ થાય છે. ૧૪ વર્ષના અને તેથી નિચેના પુરૂષને છોકરાની સંજ્ઞા આપીએ અને ૧૪ વર્ષ અને તે નિચેની સ્ત્રીને છોકરીની સંજ્ઞા આપીએ તો આ સાથેના આંક ૬-૭ ના પત્રક ઉપરથી તારવી શકાય છે કે કુલ ૧૧૪૦ પુરૂષોમાં ૪૩૯ છોકરા છે અને કુલ ૯૬૭ સ્ત્રીમાં ૩૯૬ છોકરી છે એટલે તે ગણત્રીનું પરિણામ નિચે પ્રમાણે દર્શાવી શકાયઃ—

કુલ પુરૂષ. (૧૪ વર્ષ ઉપરના)	કુલ સ્ત્રી. (૧૪ વર્ષ ઉપરની)	કુલ છોકરા. (૧૪ વર્ષ અને તે નિચેના)	કુલ છોકરી. (૧૪ વર્ષ અને તે નિચેની)
૭૦૧.	૫૭૧.	૪૩૯	૩૯૬

કુલ વસ્તી ઉપર પુરૂષ, સ્ત્રી, છોકરાંની સરેરાશ તથા કુટુમ્બ દીઠ સરેરાશ.

૧૦. કુલ કુટુમ્બો ૪૨૦ છે અને કુલ માણસોની સંખ્યા ૨૧૦૭ ની છે એટલે દરેક કુટુમ્બ દીઠ અંદાજે પાંચ માણસની સરેરાશ બેસે છે અને દરેક કુટુમ્બ દીઠ પુરૂષની ૨ ૩/૪ ની અને સ્ત્રીની ૨ ૩/૫ ની સરેરાશ બેસે છે. ચૌદ વર્ષ અને તે નિચેની ઉમરના છોકરા તથા છોકરી જુદાં પાડીએ તો પુરૂષો, સ્ત્રી, છોકરા અને છોકરીનાં કુટુમ્બ દીઠ સરેરાશ ૧ ૩/૫ ની, ૧ ૩/૧૦ ની ૧ ૧/૧૦ ની, તથા ૯/૧૦ નાં અનુક્રમે બેસે છે.

વિભાગવાર સંખ્યા.

૧૧. આખા નાગરવાડાના ૧૦ વિભાગ પાડયા છે. તે વિભાગ દીઠ કુટુમ્બની તથા પુરૂષ, સ્ત્રી, તથા છોકરા છોકરીની સંખ્યા નિચે પ્રમાણે છેઃ—

વોર્ડ નંબર.	કુટુમ્બની સંખ્યા.	૧૪ વર્ષ ઉપરના પુરૂષો.	૧૪ વર્ષ ઉપરની સ્ત્રી.	૧૪ વર્ષ અને તે નિચેના છોકરા.	૧૪ વર્ષ અને તે નીચેની છોકરી.	કુલ.
૧	૪૪	૬૫	૫૬	૪૩	૩૨	૧૯૬
૨	૪૯	૭૯	૫૭	૫૦	૪૫	૨૩૧
૩	૩૮	૬૩	૫૭	૩૮	૪૯	૨૦૭
૪	૪૦	૬૭	૫૨	૪૦	૩૧	૧૯૦

૫	૪૩	૯૫	૭૮	૫૮	૫૩	૨૮૪
૬	૧૮	૨૯	૨૯	૨૧	૧૫	૯૪
૭	૩૮	૬૮	૫૭	૫૫	૪૧	૨૨૧
૮	૩૮	૫૨	૪૬	૩૯	૩૮	૧૭૫
૯	૫૫	૮૨	૬૬	૪૦	૪૪	૨૩૨
૧૦	૪૨	૮૫	૬૭	૫૦	૩૭	૨૩૯
વગર વોર્ડ.	૧૫	૧૬	૬	૫	૧૧	૩૮
કુલ	૪૨૦	૭૦૧	૫૭૧	૪૩૯	૩૯૬	૨૧૦૭

૧૨. ઉપરથી જણાશે કે છઠ્ઠા વિભાગ શિવાયના વિભાગમાં કુટુમ્બની સંખ્યા તથા પુરૂષ સ્ત્રીની સંખ્યા લગભગ સરખી છે અને ઓછામાં ઓછી સંખ્યા ૮ મા વાર્ડમાં ૧૭૫ ની છે અને વધારેમાં વધારે પાંચમા વોર્ડમાં ૨૮૪ ની છે. છઠો વૉર્ડ માત્ર વસ્તી ગણત્રીની સગવડતા ખાતર નાનો કરવામાં આવ્યો છે. દશે વૉર્ડમાં મળી કુલ માણસોની સંખ્યા ૨૦૬૯ છે એટલે દરેક વાર્ડમાં સરેરાશ ૨૦૬ માણસોની આવે છે અને લગભગ તેને લગતીજ સંખ્યા દરેક વૉર્ડમાં છે.

૧૦૦ પુરૂષે સ્ત્રીની અને ૧૦૦ સ્ત્રીએ પુરૂષની સરેરાશ.

૧૩. આખી નાગરજ્ઞાતિમાં કુલ પુરૂષ ૧૧૪૦ છે અને કુલ સ્ત્રી ૯૬૭ છે એટલે સ્ત્રી કરતાં ૧૭૩ પુરૂષો વધારે છે. આ બન્નેનું પરસ્પર સોની સંખ્યા ઉપર પ્રમાણ બેસારતાં ૧૦૦ પુરૂષોએ ૮૫ સ્ત્રીઓની અને ૧૦૦ સ્ત્રીઓએ ૧૧૮ પુરૂષોની રાશ બેસે છે. નાગર જ્ઞાતિની આ હાલને ધોરણે પહેલીજ રીતસર ગણત્રી હોવાથી જ્ઞાતિની માણસની સંખ્યામાં કેટલો વધારો ઘટારો થયો છે તે હકિકત બતાવી શકાય તેમ નથી, પરંતુ જો દર ત્રણ કે પાંચ વર્ષે આ પ્રમાણે ગણત્રી થયા કરે તો દર ગણત્રીએ કેટલો વધારો ઘટારો થયો છે તે હકિકત મુકાબલા ઉપરથી કાઢવાનું સાધન મળ્યા કરે. કુદરતના સ્થાયિ કાયદા કાનુન પ્રમાણે વધઘટ તો થયાજ કરે છે. પોલિટીકલ ઇકોનોમીના અભ્યાસીઓને મનુષ્ય જાતિની સંખ્યાની હદ બહાર વૃદ્ધિ થતી અટકાવવા માટેના અંકુશ સંબંધી મી. માલથુસના સિદ્ધાન્તો તો વિદિતજ છે. મી. માલથુસે મનુષ્યની સંખ્યામાં હદ બહાર વૃદ્ધિ થતી અટકાવવામાં બે પ્રકારના અંકુશો હોવાનું જણાવ્યું છે, તેમાંના એક અંકુશને પ્રતિબંધક (Preventive) અને બીજા અંકુશને વિવેક બુદ્ધિ જન્ય (prudential) એવી સંજ્ઞા આપી છે. પહેલો અંકુશ ઇશ્વરકૃત છે; બીજો અંકુશ મનુષ્યકૃત છે. દુષ્કાળ, લડાઇ, મરકી, કોલેરા આદિ રોગોનો ઉપદ્રવ વિગેરે પ્રતિબંધક (preventive) અંકુશનાં ઉદાહરણ છે અને પોતાની પૈસા સંબંધી અગર શરિર સંબંધી સ્થિતિ અને શક્તિ પરત્વે વિચાર કરી તેમાંની કોઇપણ અશક્તિના કારણસર લગ્ન સંબંધ ન બાંધવો અગર અનુકુળ સ્થિતિ શક્તિ થતાં સુધી તે સંબંધ કરવાનું મુલતવી રાખવું તે પ્રકારની વિવેક બુદ્ધિના ઉપયોગને ' વિવેક બુદ્ધિ જન્ય ' અંકુશ તરીકે મી. માલથુસે જણાવ્યો છે. ઇશ્વરકૃત પ્રતિબંધક અંકુશનો દાબ તો એક રૂપમાં કે બીજા રૂપમાં આજ

કાલ લગભગ જાથુનો અમલ ચલાવતો જણાય છે, પરંતુ 'વિવેકબુદ્ધિ જન્ય' અંકુશ કદાચ દાખલ થયો છે એમ કહીએ તોપણ ઘણે અંશે નામનોજ છે. જો કે દેશકાળને અનુસરીને તે અંકુશને અવકાશ આપવા તરફ આપણી જ્ઞાતિનું વલણ થવાનો પ્રારંભ થઈ ચુકયો છે એમ કહેવું તે ખોટુ નથી. આ સંબંધમાં આગળ અમે કંઇક વિસ્તારથી કહેશું એટલે આ સ્થળે વિશેષ લંબાણ કરવાનું દુરસ્ત ધાર્યું નથી.

અવટંકની સંખ્યા તથા તેનાં નામ.

૧૪ ઉપર જણાવ્યા પ્રમાણે આખી નાગર જ્ઞાતિનાં એકંદર ૪૨૦ કુટુમ્બો છે તેની અવટંકવાર કેળવણી કરી છે જે માટેની આંક ૫ ના પત્રક ઉપરથી વિગત પુરી પડશે. આખી નાગર જ્ઞાતિમાં હાલ કુલ ૪૨૦ કુટુમ્બો છે તે કુલ ૨૧ અવટંકમાં વહેંચાયેલાં છે. બીજા શબ્દોમાં કહીએ તો જુનાગઢમાં ભિન્ન ભિન્ન ૨૧ અવટંકના નાગરો રહે છે. નાગર જ્ઞાતિની આ ૨૧ અવટંક શિવાય બીજી ઘણી અવટંકો છે, જામનગર, ભાવનગર, પોરબંદર, કચ્છ આદિ નાગરોના નિવાસના સ્થાનો છે ત્યાંના નાગરોની કેટલીક એવી અવટંકો છે કે તેમાંની એકે અવટંક જુનાગઢની નાગર જ્ઞાતિમાં માલુમ પડતી નથી, તેમ જુનાગઢની નાગર જ્ઞાતિની કેટલીક અવટંક અન્ય ઉપરોક્ત સ્થળોના નાગરોમાં માલુમ પડતી નથી. દાખલા તરીકે જામનગરના નાગરોમાં નિચે પ્રમાણે અવટંક છે તેમાંની એકે અવટંક જુનાગઢના નાગરોમાં નથી.

અંતાણી, અંજારીયા=(અવાશીયા) રીંડાણી, મંકોડી, સવાદીયા, હાથી, વછરાજાની, પોટા, મારૂ.

દેશાવરના નાગરોની અવટંકો.

૧૫ ભાવનગરના નાગરોમાં દેશાઇ, વેગ, અમરેલીયા નાણાવટી, દેશાઇ નાણાવટી, મહેતા આદિ અવટંકો છે. ગુજરાત વિગેરે સ્થળના નાગરોમાં નિચે મુજબ અવટંકો છે તેમાંની કેટલીક અવટંકવાળા નાગરો હાલ માલુમ પડતા નથી.

કશીયાણી, કુકશીયા, ટકાલ, ત્રીવેદીયા, ધ્રુવ, પારધી, પ્રેમાપુરી, બાબરીયા, ભગત, ભટ્ટ બીમાણી, ભાયાણી, મકનાણી, મહનીયા (મુનશી) રાણાવાવી, શવાણી, શાલા, સૈયદ, હજરત, ઠાકોર, પરોત, માંઢવડી, મઢિયા, મેઢ, વઢવાણી, વેરાવળા, (ઉનાકરી) વિગેરે.

૧૬ જુનાગઢના નાગરોમાં અવાશીયા ધોડા, અવટંક છે તે જામનગરમાં નથી.

૧૭ જુનાગઢની નાગર જ્ઞાતિમાં હાલ નિચે પ્રમાણે ૨૧ અવટંકના નાગરો છે.

૧ અવાશીયા, ૨ ઓઝા, ૩ કચ્છી, ૪ કીકાણી, ૫ ખારોડ, ૬ ઘોડા, ૭ છાંયા, ૮ જથ્થળ, ૯ જીકાર, ૧૦ જોશીપરા, ૧૧ ઝાલા, ૧૨ ઢેબર, ૧૩ ધોળકીયા, ૧૪ નાણાવટિ, ૧૫ બુચ, ૧૬ માંકડ, ૧૭ રાણા, ૧૮ વસાવડા, ૧૯ વૈદ્ય, ૨૦ વૈષ્ણવ, ૨૧ સૌરાષ્ટ્રકર.

૧૮ આ અવટંકો સગવડતા ખાતર નિચેના દોહરામાં સમાવી છે.

દોહરો.

અવાશીયા, ઓઝા, કચ્છી, કીકાણી એ ચાર,
ને ખારોડ, ઘોડા, પછી, છાંયા છે ક્રમવાર; ૧
જસ્થળ ને જીકાર છે, જોશીપરા જકાર,
ઝાલા, ઢેબર, બાર થઈ, ઓડક નંબરવાર. ૨
ધોળકીયા, નાણાવટિ, બુચને માંકડ સાર,
રાણા અને વસાવડા, ઓડક એમ અઢાર. ૩
વૈદ્ય પછી વૈષ્ણવ તણા, વેલાનો વિસ્તાર;
છેલ્લા છે સૌરાષ્ટ્ર કર, વર્ણ્ય અને ક્રમવાર. ૪

૧૯. આંક ૫ ના પત્રકના સારરૂપે અવટંકવાર તથા ચડતી ઉતરતી સંખ્યાના ક્રમવાર કુટુમ્બ તથા પુરૂષ સ્ત્રીની સંખ્યા નિચે પ્રમાણે છે:—

અ. નં.	અવટંકનું નામ.	કુલ કુટુંબ	કુલ માણસ.		કુલ.	અ. નં.	અવટંકનું નામ.	કુલ કુટુંબ	કુલ માણસ.		કુલ.
			પુરૂષ	સ્ત્રી.					પુરૂષ	સ્ત્રી.	
૧	વૈષ્ણવ	૭૪	૨૨૮	૧૫૫	૩૮૩	૧૨	ઝાલા	૮	૨૭	૨૧	૪૮
૨	વસાવડા	૬૬	૧૭૨	૧૪૯	૩૨૧	૧૩	છાંયા	૭	૨૭	૧૯	૪૬
૩	નાણાવટિ	૪૮	૧૩૭	૧૧૭	૨૫૪	૧૪	અવાશીયા	૮	૨૫	૧૯	૪૪
૪	બુચ	૩૯	૯૮	૯૮	૧૯૬	૧૫	માંકડ	૯	૨૩	૧૮	૪૧
૫	જોશીપરા	૩૦	૭૦	૭૯	૧૪૯	૧૬	જીકાર	૧૧	૧૫	૧૮	૩૩
૬	ધોળકીયા	૨૪	૭૧	૫૮	૧૨૯	૧૭	ઓઝા	૯	૧૭	૧૪	૩૧
૭	કીકાણી	૨૧	૪૪	૪૭	૯૧	૧૮	રાણા	૩	૧૬	૮	૨૪
૮	વૈદ્ય.	૧૫	૪૩	૪૭	૯૦	૧૯	ઢેબર	૫	૧૨	૧૦	૨૨
૯	ઘોડા	૧૧	૩૨	૩૨	૬૪	૨૦	જસ્થળ	૫	૧૦	૮	૧૮
૧૦	કચ્છી	૧૨	૩૨	૨૫	૫૭	૨૧	સૌરાષ્ટ્રકર	૪	૫	૬	૧૧
૧૧	ખારોડ	૧૧	૩૬	૧૯	૫૫	૨૧		૪૨૦	૧૧૪૦	૯૬૭	૨૧૦૭
૧૧											

૨૦. ઉપરના પત્રક ઉપરથી જણાશે કે વૈશ્ણવના કુટુમ્બની તથા તે અવટંકમાં પુરૂષ અને સ્ત્રીની સંખ્યા સૌથી વધારે છે. આખી નાગરી નાતની વસ્તીમાં છઠો ભાગ વૈશ્ણવનો છે. વસાવડાની કુલ સંખ્યા પણ પ્રમાણમાં લગભગ એટલીજ છે. જો આખી નાગર જ્ઞાતિના ત્રણ ભાગ પાડીએ તો એક ભાગમાં વૈશ્ણવ અને વસાવડા છે; એક ભાગમાં નાણાવટિ, બુચ, જોશીપરા, અને ધોળકીયા છે અને બીજી બધી અવટંકના માણસો ત્રીજા વિભાગમાં છે

૨૧. ઉપરના પત્રક ઉપરથી બીજી હકીકત એ માલુમ પડે છે કે વૈશ્ણવ, વસાવડા, નાણાવટિ, ધોળકીયા, કચ્છી, ખારોડ, ઝાલા, છાંયા, માંકડ, ઓઝા, રાણા, ઢેબર અને જશ્થળની અવટંકમાં પુરૂષ કરતાં સ્ત્રીની સંખ્યા ઓછી છે અને જોશીપરા વૈદ્ય, કીકાણી, અવાશીયા, જીકાર અને સૌરાષ્ટકરની અવટંકમાં પુરૂષ કરતાં સ્ત્રીની સંખ્યા વધારે છે જ્યારે બુચ અને ધોડામાં સ્ત્રી પુરૂષની સંખ્યા સરખી છે.

૨૨. આંક ૫ નું પત્રક લક્ષમાં લેતાં જણાશે કે માત્ર નં. ૧–૨ અને ૯ મા વોર્ડમાંજ અવાશીયાનાં કુટુમ્બો રહે છે, નં. ૩–૬–૮ અને ૧૦ ના વાર્ડમાં ઓઝાનાં કુટુમ્બોનો બીલકુલ નિવાસ નથી, તેમ નં. ૧–૪ અને ૫ મા વાર્ડમાં કચ્છી કુટુમ્બો બીલકુલ રહેતાં નથી અને નં. ૪–૬–૭ અને ૧૦ મા વાર્ડોમાં કીકાણી કુટુમ્બો નથી, ખારોડના કુટુમ્બો છુટાં છવાયાં પહેલા અને સાત મા વોર્ડ સિવાયના દરેક વોર્ડમાં છે, અને છાંયાનાં કુટુમ્બો તો માત્ર ૭ મા અને ૧૦ મા વોર્ડમાંજ છે; જશ્થલનાં કુટુમ્બ માત્ર ૮–૯–૧૦ મા વાર્ડમાં છે; જીકારનાં કુટુમ્બ જુજ છે છતાં નાં. ૧–૫–૧૦ સિવાયના તમામ વોર્ડમાં છુટાં છવાયાં છે; જોશીપરા, નાણાવટી અને વસાવડાનાં કુટુમ્બોનો નિવાસ દરેક વોર્ડમાં છે; અને એક માત્ર છઠ્ઠા વોર્ડ સિવાય વૈશ્ણવ કુટુમ્બોનો નિવાસ તમામ વોર્ડમાં છે; તેવીજ રીતે એક ચોથા વોર્ડ સિવાયના તમામ વોર્ડમાં વૈદ્યનાં કુટુમ્બો રહેતાં માલુમ પડે છે. નંબર ૧–૨–૪–૬–૮ અને ૧૦ મા વોર્ડમાં ઝાલાનાં કુટુમ્બો બીલકુલ નથી. ઢેબરતો ઢેબર ફળીયામાં એટલે નંબર ૮ મા વોર્ડમાં અને નંબર ૪ ના વોર્ડમાંજ છે; બુચ કુટુમ્બો પહેલા વોર્ડ સિવાય તમામ વોર્ડોમાં છે; માંકડ નંબર. ૪–૫–૬–૮–૯ મા વોર્ડોમાં રહેતા નથી; રાણાનાં તો માત્ર ત્રણજ કુટુમ્બો છે તે પૈકી બે કુટુમ્બોનો નિવાસ ૭ મા વોર્ડમાં અને એક કુટુમ્બનો નિવાસ પાંચમા વોર્ડમાં છે.

૨૩. ઉપરની એકંદર સ્થિતિ જોતાં, આપણા મહોટેરાના ડાહાપણ તથા દુરંદેશી વિચારનો આપણને સારો ખ્યાલ આવે છે. એક સમુદાયમાં પાસે પાસે, કુટુમ્બ સમુહના નિવાસના અલભ્ય લાભો તે આપણા દીર્ઘ દષ્ટિવાળા વડિલોના શાણપણમાં સમાયેલા હતા. પાછળથી નવા જમાનાના નવા વિચારોની પ્રેરણાથી આપણો કુટુમ્બ સમુહ નિવાસ બંધ પડી, છુટો છવાયો થતો જાય છે.

અવિભક્ત કુટુમ્બની સ્થિતિમાં કવખતનો ખલેલ.

૨૪. આપણી જ્ઞાતિના આ વસ્તીપત્રક પ્રસંગમાં એક હકિકત ઉપર કુદરતી રીતે લક્ષ ખેંચાય છે અને આંક ૫ નું પત્રક બારીકીથી જોતાં તે વાતને પુષ્ટિ મળે છે તે એ છે કે આપણા હિન્દુ–શાસ્ત્રના નિયમ પ્રમાણેની કુટુમ્બની અવિભક્ત સ્થિતિના બંધારણની ગ્રંથી યોગ્ય વખત પહેલાં એટલે કવખતમાં છુટી પડતી દેખાય છે. પાશ્ચાત્ય પદ્ધતિ જો આ વ્યવહારના બચાવમાં મેલવામાં આવે તો તે

સામે એ કહેવું પ્રાપ્ત થશે કે તે પદ્ધતિના સર્વ નિયમો અને તત્ત્વો સર્વાંશે જ્યાં સુધી ગ્રહણ કરવામાં ન આવે ત્યાં સુધી, તેમાંથી એકાદ અંશને અનુસરવાથી લાભને બદલે હાનીનીજ સંભવતા ઉભી થાય તે સમજી શકાય તેવું છે. પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે સ્ત્રી પુરૂષ યોગ્ય ઉમરનાં થાય છે ત્યારેજ લગ્ન સંબંધ તેમના વચ્ચે જોડાય છે અને તેથી લગ્ન સંબંધ થતાં વારજ તેઓ જુદા કુટુમ્બ તરીકે, વડિલોથી સ્વતંત્ર ઘર વ્યવહાર શરૂ કરે છે એટલે તે ઘર સુત્રમાં સામાન્ય રીતે વડિલોના અંકુશની અપેક્ષા રહેતી નથી. પરંતુ આપણામાં લગ્નનો કાળ એટલો બધો લંબાવી શકાતો નથી અને સ્ત્રી પુરૂષની ઘણીજ તરૂણાવસ્થામાં તે સંબંધની શરૂઆત થાય છે અને તેથી જ્યાં સુધી સ્ત્રી પુરૂષ, યોગ્ય ઉમરનાં થઇ, વડિલના અંકુશ વિના, પોતાથીજ લોભ, મોહ, લાલચ, આદિ દુર્ગુણો સામે ટક્કર લેવા તથા દુનીયાદારીના વિકટ માર્ગ ઉપર પોતાથીજ ચાલવા જેટલી સમજશક્તિવાળાં થાય ત્યાં સુધી તેમને વડિ-લોના અંકુશની બહુ જરૂર છે અને હાલ જે કુટુમ્બની સ્થિતિ જોવામાં આવે છે તેમાં તે અંકુશની ગેરહાજરી કવખતમાં થતી દેખાય છે. તરૂણ ગૃહસ્થો અને સ્ત્રીઓ ૨૦-૨૨ કે ૨૫ વર્ષનાં અને કેટલાક કેસોમાં તો તેથી પણ નાની ઉમરનાંની જુદા કુટુમ્બ તરીકેની સ્થિતિ જોવામાં આવે છે. તેથી એક બીજાને ક્રમશઃ સહાયભૂત થવાનું તો બંધજ પડે છે. એટલુંજ નહીં પણ તરૂણાવસ્થામાં વડિલની ઢાલ રૂપી શિરછત્રથી સામાન્ય રીતે અરક્ષિત રહી દુનિ-યાદારીની મોહજાળના ભોગ થવાની ભિતિની સમિપ રહેતાં જણાય છે. આ કુટુમ્બની છિન્ન ભિન્ન સ્થિતિ માત્ર કાર્ય રૂપ છે અને કાર્ય તે કારણનું પરિણામ છે. માટે તે સ્થિતિ થવામાં જે તત્ત્વો કારણભૂત હોય તે તત્ત્વો નાબુદ થવાં જોઇએ અને તેમ ન થાય ત્યાં સુધી આ સ્થિતિ પણ અનિવાર્યજ છે. આ પ્રસંગમાં વકતવ્ય ઘણું છે પરંતુ આ વસ્તીપત્રકના રિપો-ર્ટમાં સ્થળ સંકોચને લીધે તેવા વિસ્તારને અવકાશ ન હોઇને, આ સ્થળે માત્ર ઇસારા રૂપે તેની નોંધ લીધી છે.

૨૫. છેવટની રાજ્યકીય રીતે જુનાગઢના મુલકની વસ્તી ગણત્રી સને ૧૯૧૧ માં થઇ છે. તેમાં જુનાગઢના આખા મુલકમાં જેટલી વસ્તી ગણાઇ તથા જુનાગઢ શેહેરમાં જેટલી વસ્તી ગણાઈ તે આંકડા સાથે તથા તેમાંની પુરૂષ સ્ત્રીની સંખ્યા સાથે તથા હિન્દુ, મુસલ-માન વિ. ના પ્રથક પ્રથક આંકડા સાથે નાગર જ્ઞાતિનો મુકાબલો તથા પ્રમાણ કાઢેલું છે જે પત્રક આંક ૪/૧ મે છે. તે ઉપરથી જણાય છે કે જુનાગઢ શેહેરમાં કુલ ૧૦૦ માણસની વસ્તી ધારવામાં આવે તો તેમાં ૬ નાગર છે અને ૯૪ અન્ય કોમ છે. અને જો જુનાગઢની વસ્તીમાં કુલ ૧૦૦ પુરૂષો છે એમ ગણવામાં આવે તો તેમાં ૮ નાગરના પુરૂષો છે અને ૯૨ બીજી જ્ઞાતિના પુરૂષો છે,

૨૬. જુનાગઢ શહેરમાં હિન્દુ જૈન સહીત કુલ વસ્તી ૧૯૫૮૧ ની છે અને તે સામે નાગરની કુલ વસ્તી ૨૧૦૭ ની છે. એટલે જો જુનાગઢ શેહેરમાં હિન્દુની કુલ વસ્તી ૧૦૦ માણસોની ધારવામાં આવે તો તેમાં ૧૧ નાગર છે અને ૮૯ અન્ય વર્ણ છે.

૨૭. જુનાગઢ શેહેરમાં કુલ હિન્દુ પુરૂષો ૧૦૨૯૯ ગણાયા છે તે સામે નાગરના પુરૂષોની સંખ્યા ૧૧૪૦ ની આપણા આ વસ્તી પત્રકમાં ગણાઈ છે એટલે સેંકડે ૧૧ નાગર અને ૮૯ અન્ય કોમના પુરૂષોનું પ્રમાણ બેસે છે.

૨૮. જુનાગઢ શેહેરમાં મુસલમાનની કુલ વસ્તી તથા મુસલમાનના પુરૂષોની સંખ્યા સાથે નાગરની વસ્તી તથા નાગરના પુરૂષોની સંખ્યાનું સેંકડે પ્રમાણ ૧૩૬ અને ૧૪ નું અનુક્રમે એસે છે એટલે ૧૦૦ મુસલમાનની વસ્તીએ ૧૩ નાગરની વસ્તી છે અને ૧૦૦ મુસલમાનના પુરૂષોએ ૧૪ નાગરના પુરૂપ છે.

૨૯. જુનાગઢના આખા મુલકના બ્રાહ્મણોની કુલ વસ્તી ૨૩૦૭૬ ની છે અને નાગરની કુલ વસ્તી ૨૧૦૭ ની છે એટલે ૧૦૦ બ્રાહ્મણોએ ૯ નાગરનું પ્રમાણ એસે છે.

૩૦. જુનાગઢના આખા મુલકમાં ૩૫૧૪૦ વાણીયા છે તેની સાથે નાગરની વસ્તીનું પ્રમાણ સેકડે ૬ નું એસે છે.

પ્રકરણ ૨ જું.

ઉમ્મર.

પ્રસ્તાવિક વિવેચન.

૧. પહેલા પ્રકરણમાં આખી નાગર જ્ઞાતિમાં કુલ પુરૂપ, તથા સ્ત્રીની સંખ્યા કેટલી તથા વિભાગવાર તથા અવટંકવાર સ્ત્રી પુરૂપની સંખ્યા કેટલી તથા તેમનું પ્રમાણ કેટલું તે સંબંધી સંક્ષિપ્તમાં હકિકત જણાવી છે. આ પ્રકરણમાં તેમની ઉમર સંબંધી તથા તે ઉપરથી જે હકિકત તથા અનુમાનો નીકળી શકે છે તે સંબંધે ટુંકામાં લખવામાં આવે છે. ઉમર ઉપરથી આયુષ્ય મર્યાદા સંબંધી, ધંધો રોજગાર કરવા સશક્તની તથા તેમના ઉપર ગુજરાનનો આધાર રાખનારની સંખ્યા સંબંધી, તથા તરૂણ બાળ બાળાઓની કેળવણી સંબંધી તથા ધંધો કરી શકે તેવાઓને ધંધા સર કરવા સંબંધી અગત્યની હકિકત નીકળી શકે છે. એટલુંજ નહીં પણ ઉમર ઉપરથી સ્ત્રી પુરૂષોના જન્મનું તથા અમુક ઉમરે મરણનું ઓછું વધતું પ્રમાણ પણ કાઢી શકાય છે અને તે ઉપરથી આબોહવા, રહેણી કરણી તથા રીતરીવાજની તંદુરસ્તી ઉપર થતી અસર સંબંધે પણ વિચાર દર્શાવી શકાય છે.

૨. આયુષ્યમર્યાદા મ્હોટી અને મરણનું પ્રમાણ થોડું હોય તે જ્ઞાતિની આબાદીનું ચિન્હ છે. આ સ્થળે એક વાત ખાસ યાદ રાખવાની છે કે મૃત્યુનું પ્રમાણ ઓછું તે જેમ જ્ઞાતિની આબાદીનું ચિન્હ છે તેમ જન્મનું પ્રમાણ વધારે હોય તે પણ જ્ઞાતિની આબાદીનું ચિન્હ છે એમ સમજવાનું નથી, પરંતુ તંદુરસ્તી સાથે જન્મનું પ્રમાણ વૃદ્ધિ પામે તે આબાદીનું ચિન્હ છે. ગણત્રી ઉપરથી નક્કી થયું છે કે હિંદુસ્થાનમાં ગર્ભધારણ કરવા યોગ્ય ઉમરની (વર્ષ ૧૨ થી ૩૮ ની) પરણેલી સ્ત્રીની સંખ્યા ઇંગ્લંડ કરતાં ૫૦ ટકા વધારે છે છતાં ઇંગ્લંડમાં જેટલી વૃદ્ધિ થાય છે તેટલી વૃદ્ધિ હિંદુસ્થાનમાં થતી નથી; તેનું કારણ

એવું છે કે હિંદુસ્થાનમાં જેમ જન્મનું પ્રમાણ વધારે આવે છે તેમ છોકરાંઓમાં મૃત્યુનું પ્રમાણ અસાધારણ રીતે વધારે આવે છે. આપણી જ્ઞાતિનું હાલને ધોરણે વસ્તીપત્રક પહેલું હોઇને તથા જન્મ મૃત્યુ રજીષ્ટર રાખવા જ્ઞાતિમાં ધોરણને અભાવે, જન્મ મૃત્યુનું પ્રમાણ બતાવી શકાય તેમ નથી. આ મંડળે જન્મ તથા મૃત્યુનાં રજીષ્ટર સંવત ૧૯૭૧ ની શરૂ સાલથી રાખવાનો પ્રારંભ કર્યો છે અને સર્વ જ્ઞાતિબંધુઓને વિનંતિ છે કે જે તેવા બનાવોના ખબર તેઓ આ મંડળને દેતા રહેશે તો આ અગત્યની હકિકત મંડળના રેકર્ડ ઉપર આવી શકશે. હાલ તો એટલુંજ કહી વિરામવું પ્રાપ્ત થાય છે કે જન્મનું પ્રમાણ વધારે આવે તે ઉપર રાચવાનું નથી, પરંતુ તંદુરસ્તી પ્રાપ્ત થાય તેવી સ્થિતિમાં જન્મનું પ્રમાણ વધે તે ઇચ્છવા જેવું છે.

૩. વસ્તી ગણત્રીના ઉપરી અધિકારિઓએ ગણત્રીથી ચોકસ કર્યું છે કે આખા હિંદુસ્થાનના મનુષ્યોમાં જન્મ વખતે સંભવિત આયુષ્યમર્યાદાની સરેરાશ ૨૩.૫ વર્ષની આવે છે અને ઈંગ્લંડમાં ૩૯.૯૨ ની સરેરાશ બેસે છે. બીજા શબ્દમાં કહીએ તો સામાન્ય રીતે હિંદુસ્થાનમાં આયુષ્યમર્યાદાની સરેરાશ ઈંગ્લંડમાંની આયુષ્યમર્યાદાથી ટુંકી છે.

ઉમરના પત્રક ઉપર વિવેચન.

૪. ઉપર પ્રમાણે પ્રસ્તાવિક ટીકા કરી હવે આંક ૬—૭ ના ઉમર સંબંધીના પત્રકો તરફ લક્ષ દઇએ. આ પત્રકમાં ઉમરના ૧૧ વિભાગ પાડયા છે તેમાંના ૧ લા વિભાગથી ૭ મા વિભાગ સુધી ૧૦ વર્ષનો અંતર રાખ્યો છે અને ૮ મા વિભાગથી ૧૧ મા એટલે છેલ્લા વિભાગ સુધી પાંચ અને ચાર વર્ષનો અંતર રાખ્યો છે. રાજ્યકીય રીતે જે વસ્તી ગણત્રીઓ થાય છે તેમાં ઉમરની હકિકત થોડે ઘણે ભાગે ખોટી આવે છે અને તેથી વાસ્તવિક સ્થિતિથી ઉલટી હકિકત વસ્તી ગણત્રીમાં આવતી માલુમ પડે છે અને વસ્તી ગણત્રીના રિપોર્ટ કરનારાઓને આ સ્થિતિ ગુંચવણવાળી અનુભવાય છે. પરંતુ આપણી જ્ઞાતિના આ વસ્તી ગણત્રીના પત્રકમાં તે ગુંચવણ બીલકુલ આવવાપણું નથી. કારણ કે સર્વે કુટુમ્બો તરફથી વાસ્તવિક હકિકત પત્રકમાં ભરી છે. એટલે ઉમર ઉપરથી જે સ્થિતિ માલુમ પડે છે તેજ સ્થિતિ વાસ્તવિક છે. જ્ઞાતિબંધુઓની સહાયતા, સહાનુભૂતિ અને ઉત્સાહથી ગણત્રી થવાથી આ લાભ થયો છે.

૫. આંક ૬—૭ ના પત્રકો ઉપરથી જણાય છે કે જુનાગઢની આખી નાગર જ્ઞાતિમાં ૧ દિવસથી ૪ વર્ષની ઉમરનાં કુલ ૧૪૩ છોકરા છે અને ૧૩૯ છોકરી છે. એટલે છોકરા કરતાં ૪ છોકરી ઓછી છે. પાંચ વર્ષથી દશ વર્ષ સુધીની ઉમરના છોકરા ૨૦૪ અને છોકરી ૧૮૪ છે એટલે તે ઉમરના વર્ગમાં છોકરા કરતાં ૨૦ છોકરી ઓછી છે. એકંદર ૧ દિવસથી ૧૦ વર્ષની ઉમર સુધીના છોકરાની સંખ્યા ૩૪૭ ની છે અને છોકરીની સંખ્યા ૩૨૩ ની છે. એટલે છોકરા કરતાં ૨૪ છોકરી ઓછી છે. તેથી આગળ ચાલી જોઇશું તો જણાશે કે ૧૧ થી ૧૪ વર્ષ સુધીના છોકરાની સંખ્યા ૯૨ ની છે અને છોકરીની સંખ્યા ૭૩ ની છે એટલે આ ઉમરના વર્ગમાં છોકરા કરતાં ૧૯ છોકરી ઓછી છે. ટુંકામાં કહીએ

તો ૧ દિવસની ઉમરથી ૧૪ વર્ષ સુધીના છોકરાની એકંદર સંખ્યા ૪૩૯ ની થાય છે અને તેની સામે છોકરીની સંખ્યા ૩૯૬ ની થાય છે એટલે છોકરા કરતાં ૪૩ છોકરી ઓછી છે. આ ઉપરથી એક અનુમાન તરીકે એમ કહી શકાય કે આપણી નાગર જ્ઞાતિમાં પુત્રીના જન્મ કરતાં પુત્ર જન્મ વધારે થાય છે અગર તેમ નહીં હોય તો છોકરા કરતાં છોકરીનું મરણ પ્રમાણ વધારે હશે.

૬ એકંદરે આયુષ્યનું પ્રમાણ પણ આપણી જ્ઞાતિમાં સાધારણ જણાય છે એમ આંક ૬–૭ ના પત્રકો ઉપરથી નીચે તારવેલી હકિકત ઉપરથી જણાશે:—

ઉમર વર્ષ.	પુરૂષ.	સ્ત્રી.	કુલ.
૮૦ ઉપર	૨	૩	૫
૭૧ થી ૮૦ વર્ષ	૯	૫	૧૪
૬૧ થી ૭૦ વર્ષ	૩૯	૨૪	૬૩
૫૧ થી ૬૦ વર્ષ	૯૨	૪૮	૧૪૦
૪૧ થી ૫૦ વર્ષ	૧૦૬	૯૧	૧૯૭
૩૧ થી ૪૦ વર્ષ	૧૩૭	૯૧	૨૨૮
૨૧ થી ૩૦ વર્ષ	૧૮૯	૧૮૫	૩૭૪
૧૫ થી ૨૦ વર્ષ	૧૨૮	૧૨૩	૨૫૧
૧૧ થી ૧૪ વર્ષ	૯૨	૭૩	૧૬૫
૫ થી ૧૦ વર્ષ	૨૦૪	૧૮૪	૩૮૮
૧ દિવસથી ૪ વર્ષ	૧૪૩	૧૩૯	૨૮૨
કુલ	૧૧૪૦	૯૬૭	૨૧૦૭

૭ ઉપરથી જણાશે કે ૬૦ વર્ષ ઉપરના પુરૂષો ૫૦ છે અને સ્ત્રી ૩૨ છે તેની અવટંકવાર તારીજ નીચે પ્રમાણે છે:—

અવટંકવાર તારીજ.

ઉમર વર્ષ.	પુરૂષ.	અવટંક.	સ્ત્રી.	અવટંક.
૮૫	૦	૦	૧	વસાવડા.
૮૩	૧	નાણાવટિ	૨	૧ ઢેબર, ૧ માંકડ.
૮૧	૧	કીકાણી	૦	૦
૮૦	૧	વસાવડા	૨	૧ નાણાવટિ, ૧ વૈદ્ય
૭૯	૧	કચ્છી	૦	૦
૭૭	૧	નાણાવટી	૦	૦
૭૫	૧	વૈષ્ણવ	૦	૦
૭૪	૧	બુચ	૦	૦
૭૩	૧	વૈદ્ય	૧	વૈશ્ણવ
૭૨	૦	૦	૨	૧ ખારોડ, ૧ જોશીપરા.
૭૧	૩	૧ વસાવડા, ૧ કચ્છી ૧ જોશીપરા	૦	૦
૭૦	૩	૧ ઓઝા, ૧ કીકાણી ૧ નાણાવટિ	૮	૧ કીકાણી, ૧ બુચ, ૧ વૈશ્ણવ, ૩ નાણાવટિ. ૧ કચ્છી, ૧ વસાવડા.
૬૯	૩	૧ અવાશીયા, ૧ કીકાણી ૧ જોશીપરા	૦	૦
૬૮	૫	૨ વૈશ્ણવ ૧ વસાવડા ૧ જોશીપરા ૧ નાણાવટિ	૧	વસાવડા.
૬૭	૪	૧ ઝકાર ૧ ધોળકીયા ૨ વસાવડા	૨	૧ વૈશ્ણવ, ૧ ઝકાર.
૬૬	૫	૧ નાણાવટિ, ૧ માંકડ ૨ વસાવડા ૧ અવાશીયા	૧	વૈશ્ણવ.
૬૫	૨	૧ બુચ, ૧ માંકડ	૫	૨ વૈદ્ય, ૧ નાણાવટિ, ૧ અવાશીયા, ૧ વૈશ્ણવ.
૬૪	૩	૨ વૈશ્ણવ, ૧ જશ્થળ	૧	નાણાવટિ.
૬૩	૨	૧ રાણા ૧ ધોળકીયા	૦	૦
૬૨		૩ વૈશ્ણવ ૧ વસાવડા ૧ ઘોડા	૪	૧ વસાવડા, ૧ નાણાવટિ, ૧ ધોળકીયા. ૧ વૈદ્ય.
૬૧	૭	૧ વૈશ્ણવ ૨ ધોળકીયા ૨ નાણાવટિ ૧ જશ્થળ ૧ બુચ	૨	૧ ઓઝા. ૧ બુચ.
	૫૦		૩૨	

૮. નિચેના પત્રકમાં અવટંકવાર પુરૂષ સ્ત્રીની કુલ સંખ્યા સાથે અવટંકવાર ૬૦ વર્ષ ઉપરાંતનાં પુરૂષ સ્ત્રીનો મુકાબલો આપ્યો છે :—

નંબર	અવટંક.	કુલ પુરૂષ	કુલ સ્ત્રી	૬૦ વર્ષ ઉપરના પુરૂષ	૬૦ વર્ષ ઉપરની સ્ત્રી	નંબર	અવટંક	કુલ. પુરૂષ	કુલ સ્ત્રી	૬૦ વર્ષ ઉપરના પુરૂષ	૬૦ વર્ષ ઉપરની સ્ત્રી
૧	અવાશીયા	૨૫	૧૯	૨	૧	૧૩	ધોળકીયા	૭૧	૫૮	૪	૧
૨	ઓઝા	૧૭	૧૪	૧	૧	૧૪	નાણાવટિ	૧૩૭	૧૧૭	૭	૭
૩	કુચ્છી	૩૨	૨૫	૩	૧	૧૫	બુચ	૯૮	૯૮	૩	૨
૪	કીકાણી	૪૪	૪૭	૩	૧	૧૬	માંકડ	૨૩	૧૮	૨	૧
૫	ખારોડ	૩૬	૧૯	૦	૧	૧૭	રાણા	૧૬	૮	૧	૦
૬	ઘોડા	૩૨	૩૨	૧	૦	૧૮	વસાવડા	૧૭૨	૧૪૯	૮	૪
૭	છાંયા	૨૭	૧૯	૦	૦	૧૯	વૈદ્ય	૪૩	૪૭	૧	૪
૮	જટ્થળ	૧૦	૮	૨	૦	૨૦	વૈશ્ણવ	૨૨૮	૧૫૫	૮	૫
૯	જીકાર	૧૫	૧૮	૧	૧	૨૧	સૌરાષ્ટકર	૫	૬	૦	૦
૧૦	જોશીપરા	૭૦	૭૯	૩	૧						
૧૧	ઝાલા	૨૭	૨૧	૦	૦	૨૧		૧૧૪૦	૯૬૭	૫૦	૩૨
૧૨	ઢેબર	૧૨	૧૦	૦	૧						

૯. ઉપરના પત્રક ઉપરથી જણાય છે કે છાંયા ઝાલા અને સૌરાષ્ટ્રકરમાં ૬૦ વર્ષ ઉપરાંત કોઇ પુરૂષ કે સ્ત્રી બીલકુલ નથી. ખારોડમાં અને ઢેબરમાં ૬૦ વર્ષ ઉપરની સ્ત્રી છે પણ પુરૂષ બીલકુલ નથી. તેમ ઘોડા, જથ્થળ અને રાણામાં ૬૦ વર્ષ ઉપરના પુરૂષો છે પણ સ્ત્રી બીલકુલ નથી. કુલ ૧૧૪૦ પુરૂષોમાં ૫૦ પુરૂષો ૬૦ વર્ષ ઉપરના છે એટલે સેંકડે ૪ અને ૫ પુરૂષ વચ્ચે પ્રમાણ બેસે છે અને ૯૬૭ સ્ત્રીમાં ૩૨ સ્ત્રી ૬૦ વર્ષ ઉપરની છે એટલે તેનું સેંકડે ૩ અને ૪ સ્ત્રી વચ્ચે પ્રમાણ બેસે છે.

૧૦. વીશ વર્ષ સુધીના પુરૂષોને બાળક તથા વિદ્યાર્થી વર્ગમાં ગણતાં તથા ૬૦ વર્ષ ઉપરના પુરૂષોને ધંધામાંથી નિવૃત્ત થએલાં ગણતાં ૨૧ વર્ષથી ૬૦ વર્ષ સુધીના પુરૂષોને ધંધો કરવા સશક્ત પુરૂષો ગણી શકાય. તે પ્રમાણે કુલ પુરૂષો ૧૧૪૦ છે તેની ત્રણ ભાગે વહેંચણી કરતાં નીચે પ્રમાણે વર્ગવારી થાય છે.

	પુરૂષ	સેંકડે પ્રમાણ.
(૧) ૬૦ વર્ષ ઉપરના	૫૦	૪$\frac{૩}{૬૦}$
(૨) ૨૧ વર્ષથી ૬૦ વર્ષ સુધીના	૫૨૩	૪૬
(૩) ૨૦ વર્ષ સુધીના.	૫૬૭	૪૯$\frac{૭}{૧૦}$
	૧૧૪૦	૧૦૦

૧૧. કુલ સ્ત્રી ૯૬૭ છે તેની પણ ચાર વિભાગમાં વહેંચણી થઈ શકે. સામાન્ય રીતે સ્ત્રીની વ્યવહાર ઉપયોગી સ્થિતિનો ૧૫ વર્ષની ઉમરથી પ્રારંભ થાય છે તે પહેલાંની સ્થિતિને બાલ્યાવસ્થામાં મેલીએ તો તે પહેલો વર્ગ થયો. ૧૫ વર્ષથી ૩૦ વર્ષ સુધીની પ્રાથમિક સ્થિતિ, ૩૧ થી ૫૦ સુધીની મધ્ય સ્થિતિ, અને ૫૦થી ઉપરની સ્થિતિ પક્વ સ્થિતિ એમ ચાર વર્ગ પાડીએ તો દરેક વર્ગમાં નિચે પ્રમાણે સ્ત્રીની સંખ્યા આવે છે:—

	સ્ત્રી		
વર્ગ પેહેલો (બાલ્યાવસ્થા).			
૧ દિવસથી ૧૪ વર્ષ સુધી.	૩૯૬.	૧ દિ. થી ૪ વર્ષ =૧૩૯ ૫ વર્ષથી ૧૦ વર્ષ=૧૮૪ ૧૧ વર્ષથી ૧૪ વર્ષ= ૭૩	૩૯૬
વર્ગ બીજો (પ્રાથમિક સ્થિતિ)			
૧૫ વર્ષથી ૩૦ વર્ષ સુધી.	૩૦૮.	૧૫ થી ૨૦ વર્ષ =૧૨૩ ૨૧ થી ૩૦ વર્ષ =૧૮૫	૩૦૮
વર્ગ ત્રીજો (મધ્ય સ્થિતિ)			
૩૧ વર્ષથી ૫૦ વર્ષ સુધી.	૧૮૨.	૩૧ થી ૪૦ વર્ષ = ૯૧ ૪૧ થી ૫૦ વર્ષ = ૯૧	૧૮૨
વર્ગ ચોથો (પક્વ સ્થિતિ)			
૫૧ વર્ષથી ઉપર	૮૧.	૫૧ થી ૬૦ વર્ષ = ૪૯ ૬૧ થી ઉપર = ૩૨	૮૧
	૯૬૭.		

૧૨ એક વખત ફરીથી આપણે આંક ૬—૭ ના પત્રક ઉપરથી નિચેની હકિકત તારવી તે ઉપર વિચાર કરીએ:—

ઉમર વર્ષ	પુરૂષ	સ્ત્રી	પુરૂષ કરતાં સ્ત્રી ઓછી	પુરૂષ કરતાં સ્ત્રી વધારે
૮૦ ઉપર	૨	૩	૦	૧
૭૧ થી ૮૦	૯	૫	૪	૦
૬૧ થી ૭૦	૩૯	૨૪	૧૫	૦
૫૧ થી ૬૦	૯૧	૪૯	૪૨	૦
૪૧ થી ૫૦	૧૦૬	૯૧	૧૫	૦
૩૧ થી ૪૦	૧૩૭	૯૧	૪૬	૦
૨૧ થી ૩૦	૧૮૯	૧૮૫	૪	૦
૧૧ થી ૨૦	૨૨૦	૧૯૬	૨૪	૦
૧ દિવસથી ૧૦ વર્ષ	૩૪૭	૩૨૩	૨૪	૦
	૧૧૪૦	૯૬૭	૧૭૪	૧

=પુરૂષ કરતાં સ્ત્રીની એન સંખ્યા ઓછી ૧૭૩.

૧૩ ઉપરની વર્ગવારી વચ્ચે દશ દશ વર્ષનો અંતર છે. ૮૦ વર્ષ ઉપરના વર્ગ સિવાયના દરેક વર્ગમાં પુરૂષ કરતાં સ્ત્રીની સંખ્યા ઓછી છે, છેલ્લા વર્ગમાં એટલે ૧ દિવસથી ૧૦ વર્ષ સુધીના વર્ગમાં પુરૂષ તથા સ્ત્રીની સંખ્યા સૌથી વધારે આવે છે અને જેમ જેમ ઉપર જતા જઇએ છીએ તેમ તેમ પુરૂષ સ્ત્રી વચ્ચેની સંખ્યા વચ્ચેનો તફાવત દરેક વર્ગમાં ઉત્તરોત્તર ઓછો થતો જાય છે. ૩૧ થી ૪૦ વર્ષના વર્ગમાં પુરૂષ અને સ્ત્રીની સંખ્યા વચ્ચે સૌથી વધારે તફાવત છે એટલે કે પુરૂષ કરતાં ૪૬ સ્ત્રી તે દશકામાં ઓછી છે અને ૫૧ થી ૬૦ વર્ષના વર્ગમાં પણ પુરૂષ અને સ્ત્રીની સંખ્યા વચ્ચે તફાવત પણ લગભગ તેટલોજ મહોટો છે એટલે તે દશકામાં પુરૂષ કરતાં ૪૨ સ્ત્રી ઓછી છે. આ સ્થિતિ એમ સૂચવે છે કે તે બન્ને દશકામાં સ્ત્રીના મરણનું પ્રમાણ પુરૂષોના મરણના પ્રમાણ કરતાં વધારે આવતું હશે. ૧૧ થી ૨૦ વર્ષના વર્ગમાં પણ પુરૂષ કરતાં સ્ત્રી ૨૪ ઓછી છે એટલે તે દશકામાં પણ સ્ત્રીના મૃત્યુનું પ્રમાણ કંઇક અંશે વધારે જણાય છે. એમ કહેવામાં આવે છે કે ૧૫ અને ૧૯ વર્ષ દરમિયાન સ્ત્રીઓ કેટલાક શારિરિક બંધારણના ફેરફારમાંથી પસાર થાય છે તેથી તે વયમાં સ્ત્રીના મૃત્યુનું પ્રમાણ વધતું રહેવા સંભવ છે. સ્ત્રીમાં મૃત્યુનું પ્રમાણ વધારે હોવાનાં કારણોમાં કવખતમાં પતિ ધર્મની શરૂઆત અને સુવાવડમાં કુશળ સોયાણીને અભાવે યોગ્ય માવજત અને સારવાર તથા ઉપચારોની ખામી તે મુખ્ય કારણ છે. મોટી ઉમરે આહારવિહાર તથા રહેણી કરણી અને રીતરિવાજોની કેટલીક માઠી અસરોને પરિણામે સ્ત્રીમાં મૃત્યુના ટકા વધારે આવે છે. કુદરતની કંઇક એવીજ રચના લાગે છે કે જેમ જુવાન અવસ્થામાં સ્ત્રી તુરત મૃત્યુવશ થાય છે તેમ વૃદ્ધાવસ્થામાં થતી નથી. વૃદ્ધાવસ્થામાં સ્ત્રી જેટલી જીંદગી ટકાવી શકે છે તેટલી

પુરૂષ ટકાવી શકતો નથી. ગરમ દેશ: કરતાં દરિયા કીનારાના સ્થળો તથા પર્વત ઉપરનાં સ્થળો સ્ત્રીના આયુષ્યની વૃદ્ધિ માટે વધારે અનુકુળ થાય છે.

૧૪ આપણી જ્ઞાતિમાં પુત્રી જન્મ કરતાં પુત્ર જન્મનું પ્રમાણ વધારે હોવાનું ઉપરમાં જે અનુમાન કર્યું છે તેને નિચેના એન્થ્રોપોલોજીસ્ટોના પ્રમાણોથી પુષ્ટિ મળે છે. આ પ્રમાણો "વેસ્ટર માર્કની હીસ્ટરી ઓફ હ્યુમન મેરેજ"માં આપ્યાં છે તેમાંનાં બે રમુજ ખાતર નિચે આપવામાં આવે છેઃ—

(૧) જો પત્નિ કરતાં પતિ મોટી ઉમરનો હોય તો પુત્રી કરતાં પુત્રના જન્મનું પ્રમાણ વધારે આવે.

(૨) જેમ માબાપની ઉમર વચ્ચે અંતર ઓછો તેમ પુત્રજન્મ થવાની સંભવતા વધારે.

૧૫ આપણી જ્ઞાતિમાં પતિની ઉમર દરેક કીસ્સામાં પત્નિની ઉમર કરતાં મહોટીજ હોય છે અને જો કે હાલ હવે સુધારો થતો જાય છે તોપણ હજી સુધી સામાન્ય રીતે સ્થિતિ એવી ગણાય કે પતિ પત્નિની ઉમર વચ્ચે અંતર પણ પ્રમાણમાં થોડો રહે છે એટલે ઉપરના બન્ને અનુમાનો આપણી નાગર જ્ઞાતિને લાગુ પાડતાં, પુત્ર જન્મનું પ્રમાણ વધારે આવવા સંભવતા છે.

પ્રકરણ ૩ જું.

લગ્ન સંબંધી સ્થિતિ.

૧ આ પ્રકરણમાં સંસાર વ્યવહારની ઘણીજ ઉપયોગી સ્થિતિનો વિચાર કરવાનો છે લગ્નસંબંધ એ સર્વથી અગત્યનો સંબંધ છે અને સૃષ્ટિની પ્રગતિનો આધાર તે સંબંધ ઉપર છે. લગ્ન સંબંધી હકિકત ઉપરથી બાળલગ્ન વિષે ચોકસ જ્ઞાન મળી શકે છે.

૨ જુનાગઢની આખી નાગર જ્ઞાતિમાં કુલ ૧૧૪૦ પુરૂષો તથા ૯૬૭ સ્ત્રીઓ છે. તેમાં પરણેલ, વિવાહિત, અવિવાહિત, વિધુર અને વિધવાની એકંદર સંખ્યા નિચે પ્રમાણે છેઃ—

	પુરૂષો.	સ્ત્રી.	કુલ
૧ પરણેલ.	૪૫૦	૪૫૦	૯૦૦
૨ વિવાહ મળેલ.	૯૪	૯૯	૧૯૩
૩ વિવાહ મળ્યો નથી તેવા.	૪૯૮	૨૭૫	૭૭૩
૪ વિધુર.	૯૮	૦	૯૮
૫ વિધવા.	૦	૧૪૩	૧૪૩
	૧૧૪૦	૯૬૭	૨૧૦૭

૩ જો આખી નાગર જ્ઞાતિમાં ૧૦૦ પુરૂપ છે એમ ધારવામાં આવે તો તેમાં ૩૯ પુરૂપ પરણેલા, ૯ વિવાહ મળેલ, ૪૪ કુંવારા (વિવાહ નથી મળ્યો તેવા.) અને ૮ વિધુર.

એ રીતે સેંકડે પ્રમાણુ બેસે છે. તેમજ આખી નાગર જ્ઞાતિમાં ૧૦૦ સ્ત્રી છે એમ ધારવામાં આવે તો તેમાં ૪૬ સ્ત્રી પરણેલ, ૧૦ સ્ત્રી વિવાહ મળેલ, ૨૯ સ્ત્રી કુંવારી...(વિવાહ ન મળેલ) અને ૧૫ વિધવા. એ રીતે સેંકડે પ્રમાણુ બેસે છે.

૪ કુલ ૧૧૪૦ પુરૂષોની સંખ્યામાંથી દશ વર્ષની ઉમરના પુરૂષોની પરણુવા લાયક ઉમર ગણાતી નથી, તેથી એકંદર ૧૧૪૦ પુરૂષની સંખ્યામાંથી દશ વર્ષના પુરૂષની ૩૪૭ની સંખ્યા બાદ કરીએ (જુઓ આંક ૬–૭) તો પરણુવા લાયક પુરૂષની સંખ્યા ૭૯૩ ની રહે છે, તે ઉપર પરણેલ અને વિધુરનું સેંકડે પ્રમાણ બેસારતાં, સો પરણુવા લાયક પુરૂષોમાં ૫૬ પુરૂષ પરણેલ છે અને ૧૨ વિધુર છે. તેવીજ રીતે કુલ ૯૮૭ સ્ત્રીમાં દશ વર્ષની ઉમરની ૩૨૩ ની સંખ્યા બાદ કરીએ તો ૬૬૪ પરણવા લાયક ઉમરની સ્ત્રી ગણાય અને તે સંખ્યા ઉપર પરણેલી સ્ત્રી અને વિધવાનું સેંકડે પ્રમાણુ બેસારતાં સો સ્ત્રીએ ૬૮ સ્ત્રી પરણેલ છે અને ૨૨ વિધવા છે.

૫. આ પ્રસંગમાં વિશેષ તપસીલવાર પ્રથક્કરણુ થાય તે માટે ઉમરના વર્ગવાર, પરણેલા, વિવાહિત, અવિવાહિત, વિધુર અને વિધવાની સંખ્યા વોર્ડવાર આંક ૮–૯–૧૦–૧૧ મેં છે તે ઉપરથી નીચે એકંદર સ્થિતિ બતાવી છે:—

ઉંમર વર્ષ.	પુરૂષ પરણેલની સંખ્યા.	પુરૂષ વિવાહિત.	પુરૂષ અવિવાહિત	પુરૂષ વિધુર.	પુરૂષ કુલ.	સ્ત્રી પરણેલ	સ્ત્રી વિવાહિત.	સ્ત્રી અવિવાહિત.	સ્ત્રી વિધવા	સ્ત્રી કુલ.
૧ દિવસ થા ૪ વર્ષ.	૦	૦	૧૪૩	૦	૧૪૩	૦	૯	૧૩૦	૦	૧૩૯
૫ થી ૧૦ વર્ષ.	૦	૨૧	૧૮૩	૦	૨૦૪	૧	૪૯	૧૩૪	૦	૧૮૪
૧૧ થી ૧૪ વર્ષ.	૧	૧૮	૭૩	૦	૯૨	૨૧	૪૧	૧૧	૦	૭૩
૧૫ થી ૨૦ વર્ષ.	૨૭	૪૧	૫૯	૧	૧૨૮	૧૨૦	૦	૦	૩	૧૨૩
૨૧ થી ૩૦ વર્ષ.	૧૫૨	૯	૨૩	૫	૧૮૯	૧૫૫	૦	૦	૩૦	૧૮૫
૩૧ થી ૪૦ વર્ષ.	૧૧૫	૪	૭	૧૧	૧૩૭	૭૧	૦	૦	૨૦	૯૧
૪૧ થી ૫૦ વર્ષ.	૭૮	૧	૫	૨૨	૧૦૬	૫૩	૦	૦	૩૮	૯૧
૫૧ થી ૬૦ વર્ષ.	૫૩	૦	૪	૩૪	૯૧	૨૪	૦	૦	૨૫	૪૯
૬૧ થી ૭૦ વર્ષ.	૨૨	૦	૧	૧૬	૩૯	૫	૦	૦	૧૯	૨૪
૭૧ થી ૮૦ વર્ષ.	૧	૦	૦	૮	૯	૦	૦	૦	૫	૫
૮૦ ઉપર.	૧	૦	૦	૧	૨	૦	૦	૦	૩	૩
કુલ.	૪૫૦	૯૪	૪૯૮	૯૮	૧૧૪૦	૪૫૦	૯૯	૨૭૫	૧૬૩	૯૮૭

૬. ચાર વર્ષ સુધીના કુલ છોકરા ૧૪૩ છે તેઓ કુંવારા છે એટલે તેમનો વિવાહ મળ્યો નથી. પાંચથી દશ વર્ષ સુધીના છોકરાની સંખ્યા ૨૦૪ની છે તેમાંથી ૨૧ છોકરાનો વિવાહમળ્યો છે અને ૧૮૩ છોકરાનો વિવાહ મળ્યો નથી. ૧૧ થી ૧૪ વર્ષ સુધીના કુલ છોકરા ૯૨ છે તેમાંથી એક પરણેલ છે અને ૧૮ નો વિવાહ મળ્યો છે અને ૭૩ કુંવારા છે. ૧૫ થી ૨૦ વર્ષ સુધીના કુલ પુરુષો ૧૨૮ છે તેમાંથી ૨૭ પુરુષો પરણેલ છે, ૪૧ નો વિવાહ મળ્યો છે, ૧ વિધુર છે, અને ૫૯ કુંવારા છે.

૭. ઉપર પ્રમાણે ૨૦ વર્ષ સુધીના કુલ પુરુષોની સંખ્યા ૫૬૭ ની છે તેમાંથી ૨૮ પરણેલ છે. ૮૦ વિવાહિત છે, ૧ વિધુર છે અને ૪૫૮ કુંવારા છે.

૮. પુરુષો સાથેના મુકાબલે, સ્ત્રી સંબંધી પણ ઉપર પ્રમાણે હકિકત આંક ૮–૯ ૧૦–૧૧ ના પત્રકમાંથી તારવતાં જણાય છે કે ચાર વર્ષની અંદરની છોકરીઓ ૧૩૯ છે, તેમાંથી ૯ નો વિવાહ મળ્યા છે અને ૧૩૦ કુંવારી છે: પાંચથી દશ વર્ષની છોકરીઓ એકંદરે ૧૮૮ છે તેમાંથી ૪૯ છોકરીના વિવાહ મળ્યો છે. એક છોકરી પરણેલ છે અને ૧૩૮ છોકરી વિવાહ મળ્યા વિનાની છે. ૧૧ થી ૧૪ વર્ષ સુધીની છોકરી કુલ ૭૩ છે તેમાંથી ૨૧ છોકરીઓ પરણેલ છે, ૪૧ નો વિવાહ મળ્યો છે, અને ૧૧ કુંવારી છે એટલે ૧૧ છોકરીઓનો વિવાહ મળ્યો નથી.

૯. ઉપરની હકિકત ઉપરથી જોઇ શકાય છે કે આખી નાગર જ્ઞાતિમાં કુલ ૪૯૮ પુરુષો કુંવારા છે એટલે કે તેમનો વિવાહ મળ્યો નથી. તેમાંથી ૩૦ વર્ષની ઉંમર ઉપરાંતના ૧૭ પુરુષોના સંબંધમાં વિવાહ મળવાનો કાળ વ્યતિત થયો છે એમ ગણી તેમને તે પ્રસંગી ગણનામાંથી બાદ કરીએ તો વિવાહ મળવાની સંભવતાવાળા પુરુષોની સંખ્યા ૪૮૧ ની છે. અને તે સામે ૧૪ વર્ષ સુધીની વિવાહ ન મળેલ છોકરીઓની સંખ્યા ૨૭૯ ની છે એટલે તે રીતે તો લગભગ બે કુંવારી છોકરીએ એક કુંવારા પુરુષનું પ્રમાણ આવે છે અને તે ગણત્રીએ તો આપણી જ્ઞાતિમાં કન્યાનો વધારો છે એમ કહી શકાતું નથી; પરંતુ છોકરા છોકરીનો આવો અગત્યનો સાંસારિક સંબંધ બાંધવા પ્રસંગે યોગ્યાયોગ્યતાનો વિચાર ઉભય પક્ષનાં માબાપો કરે તે સ્વાભાવિક છે અને તે વિચારને પરિણામે, કુંવારા છોકરાની સંખ્યા કુંવારી છોકરી કરતાં લગભગ બમણી હોવા છતાં આપણી જ્ઞાતિમાં કન્યાનો વધારો છે એમ અનુભવાય છે અને યોગ્ય વરને અભાવે કન્યાનો લગ્નકાળ વ્યતિત થશે એ ભયનો દાબ બાળ કન્યાના માબાપના ચિત્ત ઉપર રહ્યા કરે છે. દાખલા તરીકે આપણી આખી નાગર જ્ઞાતિમાં અત્યારે માત્ર ૧૧ છોકરી, ૧૧ અને ૧૪ વર્ષની અંદરની કુંવારી છે અને ૧૫ થી ૩૦ વર્ષ સુધીના ૮૨ પુરુષો કુંવારા છે એટલે કુંવારી છોકરી કરતાં સાત ગણા પુરુષો કુંવારા છે છતાં ૧૧ કન્યા માટે યોગ્ય વરની શોધ કરવામાં કન્યાનાં માબાપને મુસ્કેલી અનુભવાતી હોય અને છોકરી બહાર દેશાવર દેવાની વ્યાજબી ફરજ પડતી હોય તો તે ઉપરથી આપણે એકંદર સ્થિતિનો ખ્યાલ લેવા જેવું થાય છે.

૧૦ કુલ ૪૫૦ પુરુષો તથા ૪૫૦ સ્ત્રી પરણેલ છે તેની દરેક ઉમરવાર સંખ્યા નિચે પ્રમાણે છેઃ—

પરણેલ પુરૂષોની વસ્તીવારી.				પરણેલ સ્ત્રીઓની વસ્તીવારી.			
ઉમર વર્ષ.	પરણેલ પુરૂષોની સંખ્યા.	ઉમર વર્ષ.	પરણેલ પુરૂષોની સંખ્યા.	ઉમર વર્ષ.	પરણેલ સ્ત્રીની સંખ્યા.	ઉમર વર્ષ.	પરણેલ સ્ત્રીની સંખ્યા.
૧૪	૧	૪૮	૪	૧૦	૧	૪૪	૨
૧૫	૧	૪૯	૩	૧૧	૨	૪૫	૭
૧૬	૧	૫૦	૮	૧૨	૫	૪૬	૬
૧૭	૦	૫૧	૪	૧૩	૯	૪૭	૨
૧૮	૪	૫૨	૯	૧૪	૫	૪૮	૪
૧૯	૧૨	૫૩	૬	૧૫	૧૯	૪૯	૩
૨૦	૯	૫૪	૪	૧૬	૧૪	૫૦	૧૦
૨૧	૧૨	૫૫	૬	૧૭	૨૫	૫૧	૪
૨૨	૧૩	૫૬	૪	૧૮	૨૪	૫૨	૨
૨૩	૧૩	૫૭	૪	૧૯	૧૮	૫૩	૧
૨૪	૧૫	૫૮	૬	૨૦	૨૦	૫૪	૨
૨૫	૧૧	૫૯	૪	૨૧	૧૩	૫૫	૬
૨૬	૨૮	૬૦	૬	૨૨	૨૩	૫૬	૩
૨૭	૧૬	૬૧	૫	૨૩	૧૬	૫૭	૧
૨૮	૧૬	૬૨	૨	૨૪	૧૫	૫૮	૧
૨૯	૯	૬૩	૨	૨૫	૧૮	૫૯	૨
૩૦	૨૩	૬૪	૨	૨૬	૮	૬૦	૨
૩૧	૧૭	૬૫	૨	૨૭	૧૭	૬૧	૧
૩૨	૧૬	૬૬	૨	૨૮	૧૭	૬૨	૧
૩૩	૧૩	૬૭	૩	૨૯	૬	૬૩	૦
૩૪	૧૧	૬૮	૧	૩૦	૨૨	૬૪	૧
૩૫	૧૨	૬૯	૨	૩૧	૧૧	૬૫	૧
૩૬	૭	૭૦	૧	૩૨	૯	૬૬	૦
૩૭	૧૦	૭૧	૧	૩૩	૧૨	૬૭	૦
૩૮	૯	૭૨	૦	૩૪	૯	૬૮	૦
૩૯	૧૦	૭૩	૦	૩૫	૫	૬૯	૦
૪૦	૧૦	૭૪	૦	૩૬	૪	૭૦	૧
૪૧	૫	૭૫	૦	૩૭	૫	કુલ	૪૫૦
૪૨	૧૩	૭૬	૦	૩૮	૭		
૪૩	૧૭	૭૭	૦	૩૯	૨		
૪૪	૮	૭૮–૭૯	૦	૪૦	૭		
૪૫	૫	૮૦–૮૧	૦	૪૧	૫		
૪૬	૮	૮૨	૦	૪૨	૧૧		
૪૭	૭	૮૩	૦	૪૩	૩		
		કુલ	૪૫૦				

ઉપરના પત્રક ઉપરથી જણાશે કે ૨૬ વર્ષની ઉમરના ૨૪ પુરૂષો પરણેલ છે તે સૌથી મોટી સંખ્યા છે. અને ૧૭ વર્ષની ઉમરની ૨૫ સ્ત્રી પરણેલ છે જે સંખ્યા પણ તે વર્ગમાં સૌથી મોટી છે.

૧૧ બાળલગ્ન પક્ષે વિચાર કરતાં આ પ્રકરણમાં એકત્ર કરેલી હકિકત ઉપરથી સારૂં સાધન મળી શકે છે. કુલ પરણેલા પુરૂષ ૪૫૦ તથા પરણેલી સ્ત્રી ૪૫૦ છે એટલે કુલ પરણેલ જોડાં ૪૫૦ છે; તે પરણેલ જોડાંની ઉમર વચ્ચે નીચે પ્રમાણે તફાવત જણાયો છેઃ—

પતિ પત્નિનાં જોડાંની સંખ્યા.	તેમની વયમાં તફાવત.	પતિ પત્નિનાં જોડાંની સંખ્યા.	તેમની વયમાં તફાવત.	પતિ પત્નિનાં જોડાંની સંખ્યા.	તેમની વયમાં તફાવત.
૬	સમાન વયનાં	૧૪	૧૩ વર્ષનો તફાવત	૧	૨૬ વર્ષનો તફાવત
૩૦	૧ વર્ષનો તફાવત	૧૦	૧૪ ,, ,,	૨	૨૭ ,, ,,
૪૨	૨ ,, ,,	૧૫	૧૫ ,, ,,	૧	૨૮ ,, ,,
૫૯	૩ ,, ,,	૬	૧૬ ,, ,,	૧	૨૯ ,, ,,
૩૩	૪ ,, ,,	૮	૧૭ ,, ,,	૧	૩૦ ,, ,,
૪૦	૫ ,, ,,	૭	૧૮ ,, ,,	૦	૩૧ ,, ,,
૩૧	૬ ,, ,,	૧૨	૧૯ ,, ,,	૧	૩૨ ,, ,,
૨૭	૭ ,, ,,	૭	૨૦ ,, ,,	૦	૩૩ ,, ,,
૨૪	૮ ,, ,,	૨	૨૧ ,, ,,	૦	૩૪ ,, ,,
૧૮	૯ ,, ,,	૩	૨૨ ,, ,,	૧	૩૫ ,, ,,
૧૭	૧૦ ,, ,,	૨	૨૩ ,, ,,	૧	૩૬ ,, ,,
૮	૧૧ ,, ,,	૩	૨૪ ,, ,,	કુલ. ૪૫૦	
૧૫	૧૨ ,, ,,	૨	૨૫ ,, ,,		

૧૨ ઉપરનાં દમ્પતિનાં જોડાં વચ્ચેના વયના તફાવતથી આપણે જોઇ શકીએ છીએ કે તેમની વય વચ્ચે વધારેમાં વધારે ૩૬ વર્ષનો તફાવત છે. પરંતુ આપણે જે વિચાર કરવા ઉપર છીએ તે બાળલગ્નના પ્રશ્ન ઉપરનો છે અને તે વિચાર માટે, જે વયનો તફાવત જરૂરનું તત્ત્વ છે તેમાં, ઉપર જણાવેલા તફાવતમાંથી ૧૦ વર્ષ ઉપરાંતનો તફાવત પ્રાયઃ ગણત્રીમાં લેવા જેવો નથી, કારણકે તેમાંના ઘણાખરા તો બીજવર કે ત્રીજવર છે અને કેટલાકને સાંસારિક

સ્થિતિને લીધે મ્હોટી ઉમરેજ લગ્ન સંબંધ અનિવાર્ય રીતે પ્રાપ્ત થયો છે એટલે ૧૦ થી ૩૬ વર્ષ સુધીનો પતિ પત્નિની વય વચ્ચેનો અંતર સામાન્ય રીતે, થોડા અપવાદે, ગણત્રીમાં લેવા જેવો નથી, તેથી વાસ્તવિક અંતર કેટલો રાખવા આપણી જ્ઞાતિમાં ધોરણ ચાલે છે તે સંબંધે વિચાર કરવામાં ૧૦ વર્ષ સુધીનો તફાવત ગણત્રીમાં લેવામાં આવે છે. કુલ ૪૫૦ જોડાં છે તેમાંથી દશ વર્ષ ઉપરની વયના તફાવતવાળાં જોડાં ૧૨૩ છે તે આ પ્રસંગે ગણત્રીમાં ન લેતાં, ૧૦ વર્ષ સુધીની વયના તફાવતવાળાં જોડાં ૩૨૭ છે તે ઉપરથી વિચાર કરીએ તો તે ૩૨૭ જોડાંમાં ૬ જોડાં સમાન વયનાં છે—૩૦ જોડાં, માત્ર એક વર્ષની વયના તફાવતવાળાં છે. ૪૨ જોડાં ૨ વર્ષની વયના તફાવતવાળાં છે. ૫૯ જોડાં ૩ વર્ષની વયના તફાવતવાળાં છે. ૩૩ જોડાં ૪ વર્ષની વયના તફાવતવાળાં છે. ૪૦ જોડાં ૫ વર્ષની વયના તફાવતવાળાં છે અને ૩૧ જોડાં ૬ વર્ષની વયના તફાવતવાળાં છે. પતિ પત્નિ વચ્ચે ૬ વર્ષ સુધીનો અંતર, લગ્ન સંબંધ માટે ઓછો છે એમ ઝાઝે મતે ગણાય છે તેથી કુલ ૩૨૭ જોડાંમાંથી ૨૪૧ જોડાં વચ્ચેનો વયનો અંતર વાસ્તવિક અંતર રાખવો જોઈએ તે કરતાં ઓછો ગણી શકાય તેવો છે; ૭ થી ૯ વર્ષ સુધીનો વયનો અંતર સામાન્ય ગણાય છે. તેવાં અંતરવાળાં જોડાં ૬૯ છે એટલે કુલ ૩૨૭ જોડાંમાંથી ૩૧૦ જોડાં વચ્ચેનો અંતર યથાર્થ નથી, માત્ર ૧૭ જોડાં વચ્ચેનો અંતર યથાર્થ છે તેમાં પણ જો પતિ બીજવર હોય તે બાદ જશે. એકંદરે એ સ્થિતિ પ્રાપ્ત થાય છે કે પાત પત્નિ વચ્ચે લગ્ન સંબંધમાં જે વયનો અંતર રાખવો જોઇએ તે યથાર્થરીતે રહેતો નથી. એકંદર ૪૫૦ પતિ પત્નિનાં જોડાં સંબંધે સમગ્ર વિચાર કરીએ તોપણ એજ સ્થિતિ જણાય છે એટલે કુલ ૪૫૦ જોડાંમાંથી ૩૨૭ જોડાં વચ્ચેનો વયનો તફાવત ૧૦ વર્ષ સુધીનો છે અને ૧૨૩ જોડાં દશવર્ષ ઉપરના તફાવતવાળાં છે તેમાંથી ૬૨ જોડાં ૧૧ થી ૧૫ વર્ષ સુધીના તફાવતવાળાં છે. ૪૦ જોડાં ૧૬ થી ૨૦ વર્ષ સુધીના વર્ષની વયના તફાવતવાળાં છે, એટલે કદી ૧૫ વર્ષ સુધી ઇરાદા પૂર્વક તફાવત રાખવામાં આવે છે એમ ગણીએ તોપણ ૧૦ થી ૧૫ વર્ષના તફાવતવાળાં જોડાંની સંખ્યા માત્ર ૬૨ ની છે જે કુલ ૩૮૯ જોડાંને મુકાબલે પ્રમાણમાં કાંઇજ નથી. એકંદરે વિચાર કરતાં ૧૦ થી ૧૨ વર્ષ સુધીનો પતિ પત્નિની વય વચ્ચેનો અંતર સર્વથી ઇષ્ટ છે એટલે પત્નિ કરતાં પતિની ઉમર ૧૦ થી ૧૨ વર્ષ મ્હોટી હોવી જોઇએ, વરવધૂની ઉમર વચ્ચે ૧૦ વર્ષથી ઓછો અંતર હોય તે જેમ ઇષ્ટ નથી તેમ ૧૨ વર્ષથી વિશેષ અંતર પણ ઇષ્ટ નથી, કારણકે જેમ ૧૦ વર્ષથી ઓછો અંતર હોવાથી તે સંબંધ પતિને શારિરિક તથા માનસિક તંદુરસ્તીને હાનિકારક છે તેવીજ રીતે ૧૨ વર્ષથી વધારે અંતર પતિપત્નિની વય વચ્ચે હોવાથી, આપણી જ્ઞાતિમાં સ્ત્રી માટેના લગ્ન કાળના ધોરણે, સ્ત્રીની શારીરિક તંદુરસ્તીને બહુજ હાનિકારક નીવડવા સંભવ છે. તેનાં કારણો એવાં તો ખુલ્લાં છે કે તે ઉપર વિસ્તાર કરવા જરૂર ધારવામાં આવતી નથી. પાશ્ચાત્ય દેશોમાં પતિ પત્નિનો સંબંધ મ્હોટી ઉમરે એટલે ૨૦, ૨૫, ૩૦ વર્ષ કે તે ઉપરની વયે પણ શરૂ થાય છે. તેથી તે દેશોમાં પતિ પત્નિની વય વચ્ચેના અંતરનો પ્રશ્ન મહત્વનો નથી. પરંતુ આપણી જ્ઞાતિમાં સ્ત્રીના લગ્નમાટે તથા સ્ત્રીનું આણું વાળવા માટે ૧૪ વર્ષની છેવટમાં છેવટ હદ છે અને તે હદનું ઉલ્લંઘન થવું કોઇ રીતે શક્ય જણાતું નથી તેથી ૧૦ થી ૧૨ વર્ષ સુધીનો પતિ પત્નિની વય વચ્ચે નો અંતર અતિ આવશ્યક છે.

૧૩ આપણો અન્ય સ્થળ સાથે લગ્ન સંબંધનો વ્યવહાર અદ્યાપિ સુધીમાં જેટલો થવા **પામ્યો છે તેની સંખ્યા નિચે પ્રમાણે છે:—**

હાલ જે હયાત સ્ત્રીઓ છે તે પૈકી ૩૮ સ્ત્રી, લગ્ન સંબંધથી જોડાઇ પરદેશથી જુનાગઢમાં આવી છે તથા ૫ હજુ વિવાહિત સ્થિતિમાં હોઈ આ ગણત્રીમાં ગણાઇ નથી. મતલબ એકંદરે ૩૮ સ્ત્રીઓ લગ્ન સંબંધ દ્વારા પરદેશની જુનાગઢમાં છે એમ ગણવું પ્રાપ્ત થાય છે. તે પૈકી ૭ ગોંડળની છે, ૨ મહુવાની છે, ૩ પોરબંદરની છે, ૭ સ્ત્રી જામનગરની છે, ૧ ભાવનગરની છે, ૧ અમદાવાદની છે, ૫ રાજકોટની છે, ૬ વસાવડની છે, ૧ જેતપોરની છે, ૧ નવસારીની છે, ૨ મોરબીની છે, ૧ દેલવાડાની અને ૧ ઉનાની છે. સોરઠ, હાલાર, ગોહેલવાડ અને ગુજરાત એવા ચાર .વિસ્તારવાળા વર્ગ પાડીએ તો જે કુલ ૩૮ બહાર દેશાવરની સ્ત્રી જુનાગઢ સાથે લગ્ન સંબંધમાં જોડાઈ છે તે પૈકી ૧૨ સ્ત્રી સોરઠની છે, ૩ સ્ત્રી ગોહેલવાડની છે, ૨ સ્ત્રી ગુજરાતની છે અને ૨૧ સ્ત્રી હાલારની છે.

૧૪ બીજી હકીકત એ જણાય છે કે કુલ ૨૮ સ્ત્રી, લગ્ન સંબંધથી બહાર દેશાવર ગઈ છે.

૧૫ લગ્ન સંબંધદ્વારા જેટલી સ્ત્રી બહાર દેશાવર ગઇ છે અને જેટલી બહાર દેશાવરથી જુનાગઢ આવી છે તેનો મુકાબલો નિચે આપવામાં આવે છે.

અનુક્રમ નંબર	ગામનું નામ.	લગ્ન સંબંધદ્વારા જુનાગઢની નાગરની સ્ત્રી બહાર દેશાવર ગઇ તેની ગામવાર સંખ્યા.	લગ્ન સંબંધદ્વારા બહાર દેશાવરથી સ્ત્રીઓ આવી તેની ગામવાર સંખ્યા.
		ગઇ.	આવી.
૧	ભાવનગર	૧૪ (૮ પરણેલ ૬ દીધી છે)	૧ પરણેલ.
૨	જામનગર.	૦	૮ પરણેલ, વિધવા, દીધીછે. ૫ ૨ ૧
૩	વસાવડ.	૩ વિધવા, પરણેલ. ૧ ૨	૮ પરણેલ, વિધવા, દીધીછે. ૫ ૧ ૨
૪	મહુવા	૩ વિધવા, દીધી છે. ૨ ૧	૨ પરણેલ.
૫	ગોંડળ	૩ પરણેલ.	૯ પરણેલ, વિધવા, વિવાહિત ૫ ૨ ૨
૬	ઉના	૨ પરણેલ, વિવાહિત ૧ ૧	૧ પરણેલ છે,
૭	પાટણ	૨ પરણેલ, વિવાહિત ૧ ૧	૦
૮	રાજકોટ	૦	૫ પરણેલ.
૯	જેતપોર	૦	૧ ,,

૧૦	અમદાવાદ	૦		૧	,,
૧૧	નવસારી (વડોદરા)	૦		૧	,,
૧૨	મોરબી	૦		૨	વિધવા. પરણેલ. ૧ ૧
૧૩	દેલવાડા	૦		૧	પરણેલ.
૧૪	પોરબંદર	૦		૩	,,
૧૫	મુંદી કોટા	૧	વિવાહિત.	૦	૦
	કુલ...	૨૮	કુલ...	૪૩	

૧૬ ઉપરની દેશાવર સાથેના લગ્ન સંબંધના પરિણામ રૂપ સંખ્યામાં કદાચ કોઇ સ્ત્રીનો સમાવેશ કરવો રહી જતો હશે, કારણકે આ હકિકત વસ્તીપત્રકમાં બરાબર ભરાઇ આવી નથી તોપણ તેવો તફાવત હશે તો તે ઝાઝો નહીં હોય એટલે અંદાજ તરીકે ઉપરના આંકડા ઉપયોગી થશે.

૧૭ જે સ્ત્રીઓ લગ્નસંબંધથી બહાર દેશાવરથી જુનાગઢ આવી છે અને જે તે સંબંધ-દ્વારા જુનાગઢથી બહાર દેશાવર ગઇ છે તેમની ઉમર તરફ લક્ષ કરતાં એમ કહી શકાય છે કે બહાર દેશાવરની કન્યા જુનાગઢમાં દેવાનો વ્યવહારનો લાંબા વખતથી પ્રારંભ થયો છે, પરંતુ પ્રમાણમાં તે વ્યવહારમાં વૃદ્ધિ થતી જણાતી નથી, પરંતુ જુનાગઢમાંથી દેશાવરમાં કન્યા દેવાના વ્યવહારનો પ્રારંભ તો તાજેતર—એટલે આ ચાલતા દશકામાંજ થયો છે અને તે વ્યવહાર પ્રમાણમાં વધતો જતો જોવામાં આવે છે તે એટલે સુધી કે ગયા પાંચ વર્ષની અંદર એક ભાવનગરમાંજ જુનાગઢની ૧૨ કન્યા લગ્નસંબંધદ્વારા ગઇ છે. હજુ જામનગર, રાજકોટ, પોરબંદર કે ગુજરાતમાં જુનાગઢની કોઇ કન્યા દીધી હોય એમ જણાતું નથી. જેમ જામનગર, રાજકોટની કન્યા જુનાગઢમાં આવવાનો વ્યવહાર વૃદ્ધિ ઉપર છે તેમ જુનાગઢની કન્યા ભાવનગરમાં દેવાનો વ્યવહાર પણ વૃદ્ધિ ઉપર જણાય છે. ભાવનગરની કન્યા જુનાગઢમાં દેવાનો વ્યવહાર હજુ સુધી વાસ્તવિક રીતે થયો નથી એમ કહીએ તો ચાલે; માત્ર એકજ ભાવનગરની કન્યા લગ્નસંબંધથી જુનાગઢ આવેલી છે.

૧૮ આખી નાગર જ્ઞાતિમાં કુલ ૯૪ પુરૂષો વિવાહિત સ્થિતિમાં છે એટલે ૯૪ પુરૂષોનો વિવાહ મળ્યો છે અને ૯૯ સ્ત્રીનો વિવાહ મળ્યો છે. જે ૯૪ પુરૂષોનો વિવાહ મળ્યોછે તેમાંથી ૮૯ પુરૂષોનો જુનાગઢમાં વિવાહ મળ્યો છે અને પાંચ પુરૂષોનો બહાર દેશાવરમાં વિવાહ મળ્યો છે. તે પૈકી ૨ નો ગોંડલમાં, ૨ નો વસાવડમાં અને ૧ નો જામનગરમાં વિવાહ મળ્યા છે. કુલ ૯૯ છોકરીનો વિવાહ મળ્યા છે તે પૈકી ૮૯ છોકરીનો જુનાગઢમાં વિવાહ મળ્યો છે અને ૧૦ છોકરીનો બહાર દેશાવરમાં વિવાહ મળ્યો છે તે પૈકી ૬ છોકરીનો ભાવનગરમાં, ૧ છોકરીનો પાટણમાં, ૧ નો ઉનામાં, અને ૧ નો મહુવામાં અને ૧ નો મુંદીકોટામાં મળ્યો છે.

૧૯ વિવાહિત પુરૂષ તથા કન્યાની ઉમર વાર સંખ્યા નિચે પ્રમાણે આવે છેઃ—

	પુરૂષ.			સ્ત્રી.	
ઉમર વર્ષ	વિવાહિત પુરૂષની સંખ્યા.	ઉમર	વિવાહિત પુરૂષની સંખ્યા.	ઉમર	વિવાહિત સ્ત્રીની સંખ્યા.
૧	૦	૨૪	૨	૧	૧
૨	૦	૨૫	૨	૨	૩
૩	૦	૨૬	૦	૩	૩
૪	૦	૨૭	૦	૪	૨
૫	૦	૨૮	૧	૫	૩
૬	૨	૨૯	૦	૬	૭
૭	૨	૩૦	૦	૭	૬
૮	૨	૩૧	૧	૮	૧૩
૯	૪	૩૨	૧	૯	૫
૧૦	૧૧	૩૩	૦	૧૦	૧૫
૧૧	૩	૩૪	૦	૧૧	૧૫
૧૨	૩	૩૫	૨	૧૨	૨૨
૧૩	૪	૩૬	૦	૧૩	૪
૧૪	૮	૩૭	૦	૧૪	૦
૧૫	૫	૩૮	૦	કુલ.	૯૯
૧૬	૯	૩૯	૦		
૧૭	૭	૪૦	૦		
૧૮	૭	૪૧	૦		
૧૯	૧૫	૪૨	૦		
૨૦	૬	૪૩	૧		
૨૧	૦	૦	૦		
૨૨	૪	૦	૦		
૨૩	૦	૦	૦		
કુલ.		•	૯૪		

૨૦ માર્જીનના પત્રક ઉપરથી જણાશે કે કુલ ૯૪ વિવાહ મળેલ પુરૂષો છે તેમાંથી ૨૧ પુરૂષો ૧૦ વર્ષની અંદરના છે એટલે લગભગ સેંકડે ચોથો ભાગ તો યોગ્ય ઉમર કરતાં ઓછી ઉમરમાં વિવાહિત સ્થિતિમાં આવેલો છે. બાળલગ્નની માઠી અસરમાંથી બચવા માટે કોઇપણ છોકરાનો તેની દશ વર્ષની ઉમર થયા પહેલાં વિવાહ મળવો જોઇએ નહીં. અને બીજી વાત એ લક્ષમાં રહેવી જોઇએ કે વર કન્યા વચ્ચે ૧૦ થી ૧૨ વર્ષ સુધીનો તફાવત એક ચોકસ ધોરણ તરીકે રાખવો જોઇએ. જુનાગઢમાં વિવાહ મળેલ વર કન્યાનાં ૮૯ જોડાં છે તેમની વચ્ચે જે વયનો તફાવત છે તે ૨૫ મે પાને આપેલા પત્રકમાં દર્શાવ્યો છે.

વિવાહિત વર કન્યાનાં જોડાંની સંખ્યા	તેમની વચ્ચે વયનો તફાવત
૨	સમાન વયનાં
૨	૧ વર્ષનો તફાવત
૫	૨ ,, ,,
૮	૩ ,, ,,
૧૦	૪ ,, ,,
૧૧	૫ ,, ,,
૧૦	૬ ,, ,,
૮	૭ ,, ,,
૧૪	૮ ,, ,,
૭	૯ ,, ,,
૪	૧૦ ,, ,,
૦	૧૧ ,, ,,
૧	૧૨ ,, ,,
૩	૧૩ ,, ,,
૧	૧૭ ,, ,,
૦	૧૮ ,, ,,
૧	૧૯ ,, ,,
૧	૨૦ ,, ,,
૧	૩૧ ,, ,,
કુલ.	૮૯

૨૧ કુલ ૮૯ વર કન્યાનાં વિવાહિત જોડાંમાંથી ૨ સમાન વયનાં છે એટલે કે એક જોડું સાત સાત વર્ષનું છે અને બીજું જોડું દશ દશ વર્ષનું છે. બાકીનાં ૮૭ જોડાંમાંથી ૭૫ જોડાં વચ્ચેનો વયનો તફાવત ૧૦ વર્ષ કરતાં ઓછો છે. માત્ર પાંચ જોડાં વચ્ચેની વયનો તફાવત ૧૦ અને ૧૨ વર્ષનો છે. અને ૭ જોડાં વચ્ચેની વયનો તફાવત ૧૨ વર્ષ ઉપરનો છે તેમાં ૧૭, ૧૯, ૩૧ ના તફાવતવાળાં જોડાંમાં વર છે તે બીજવર છે—તેમ ૧૩ અને ૨૦ વર્ષના તફાવતવાળાં જોડાં પણ અપવાદરૂપ છે. એટલે આ ૮૯ વિવાહિત જોડાં વચ્ચેની વયના તફાવતનો ખ્યાલ કરતાં જણાય છે કે આપણી જ્ઞાતિમાં ૯૭ વર કન્યા વચ્ચે યોગ્ય વેરો (વયનો તફાવત) રાખવાનું ધોરણ જોઇએ તેવી રીતે અમલમાં આવ્યું નથી. આ વર કન્યાની વય વચ્ચેનો તફાવત તાજેતર સ્થિતિ સૂચક છે અને તે પ્રસંગમાં ઉચિત રીતે યોગ્ય સુધારો થયો નથી એમજ કહેવું પ્રાપ્ત થાય છે. આ સ્થિતિનું એક અનિવાર્ય પરિણામ એ આવે છે કે દશ બાર વર્ષની ઉમર સુધી પોતાનાં છોકરાંને જે માબાપ કુંવારાં રાખે છે તેને યોગ્ય વરકન્યાની પ્રાપ્તિ બહુજ મુશ્કેલ પડે છે. આખી જ્ઞાતિમાં એક ચોકસ ધોરણ તરીકે દશથી બાર વર્ષ સુધીનો વર કન્યા વચ્ચે વેરો રાખવામાં આવે તો જ આ મુશ્કેલી નડે નહીં.

૨૨. હવે વિધવા સંબંધી કંઇક વક્તવ્ય છે. આખી નાગર જ્ઞાતિમાં કુલ ૯૬૭ સ્ત્રી છે તેમાં દશ વર્ષની સ્ત્રીની સંખ્યા ૩૨૩ ની છે તે પરણવા લાયક વયની ન હોઇ બાદ કરતાં પરણવા લાયક અને પરણેલ સ્ત્રીની સંખ્યા ૬૪૪ ની છે તેમાં કુલ ૧૪૩ વિધવા છે, તેમાં ૩૦ વર્ષ સુધીની ઉમરની વિધવા નિચે પ્રમાણે છેઃ—

ઉમર.	વિધવાની સંખ્યા.
૧૫	૧
૧૬	૧
૧૯	૧
૨૦	૧
૨૧	૨
૨૨	૨
૨૩	૧
૨૪	૨
૨૫	૬
૨૬	૩
૨૭	૧
૨૮	૩
૨૯	૦
૩૦	૧૦
કુલ...	૩૪

૨૩. કુલ ૩૧ થી ૪૦ વર્ષ સુધીની વિધવા ૨૧ છે, ૪૧ થી ૫૦ વર્ષ સુધીની વિધવા ૩૮ છે, ૫૧ થી ૬૦ વર્ષ સુધીની વિધવા ૨૫ છે, ૬૧ થી ૭૦ સુધીની વિધવા ૧૯ છે, ૭૧ થી ૮૦ સુધીની વિધવા ૩ છે અને ૮૦ ઉપરની વિધવા ૩ છે. એ રીતે કુલ ૧૪૩ વિધવા હાલ હયાત છે.

૨૪ કુલ વિધુર એટલે ઘર ભંગ પુરૂષોની સંખ્યા ૯૮ ની છે તે ઉપરથી જોઈ શકાય છે કે ૧૫ થી ૨૦ વર્ષ સુધીમાં ૧ વિધુર છે: ૨૧ થી ૩૦ વર્ષ સુધીમાં ૫ વિધુર છે, ૩૧ થી ૪૦ વર્ષ સુધીમાં ૧૧ વિધુર છે, ૪૧ થી ૫૦ વર્ષ સુધી માં ૨૨ વિધુર છે, ૫૧ થી ૬૦ વર્ષ સુધીના ૩૪ વિધુર છે; ૬૧ થી ૭૦ વર્ષ સુધીના ૧૬ વિધુર છે, ૭૧ થી ૮૦ સુધીના ૮ વિધુર છે, અને ૮૦ ઉપરનો ૧ વિધુર છે. મતલબ ૪૦ વર્ષ ઉપરના વિધુરને ફરીપરણવાનો સંભવ ન ગણીએ તો તેવાની સંખ્યા ૮૧ ની છે અને ૧૭ વિધુર ૪૦ વર્ષ નિચેના છે તેમની ફરી લગ્ન કરવાની સંભવતા ખરી. આ સિવાય આ પ્રસંગમાં વિશેષ વક્તવ્ય નથી.

પ્રકરણ ૪ થું.

કેળવણી સંબંધી.

૧. કેળવણીનો વિષય ઘણોજ અગત્યનો છે અને તે આપણી નાગર જ્ઞાતિનો તો ખાસ વિષય છે. સાદામાં સાદી કેળવણી લખતાં વાંચતાં આવડવું એ છે અને આપણી જ્ઞાતિમાંથી કોઇ પુરૂષ કે સ્ત્રી તે સાદી કેળવણીથી બેનસીબ રહેતાં નથી એમ કહીએ તો ચાલે તેમ છે. સ્ત્રીઓમાંથી કદાચ કોઇ પાંચ દશ વયોવૃદ્ધ આટલી કેળવણીથી પણ રહીત હશે, પરંતુ એકંદરે લખવું વાંચવું તો સામાન્ય રીતે સર્વ સ્ત્રીઓ જાણે છે પરંતુ તેની સાથે એમ કહેવું જોઇએ કે—આપણી જ્ઞાતિની સ્ત્રીઓને કન્યાશાળામા શિક્ષણ લઈ ગુજરાતી ચાર પાંચ ચોપડીનું જે જ્ઞાન થાય છે તેથી વિશેશ જ્ઞાન તેમને હોતું નથી અને ઘર વ્યવહારમાં પડી ગયા પછી પઠન પાઠનનો કે લેખન વાંચનનો વ્યવહાર સામાન્ય રીતે બંધ થવાથી ભણતરમાં વધારો થતો નથી પણ ક્રમે ક્રમે શીખેલું ભુલી જવાની સ્થિતિ થાય છે. આ હકીકત આ રીપોર્ટમાં સ્ત્રીની કેળવણી સંબંધે જુદા જુદા રીતે સંખ્યાની ગણત્રી કરવાનું અમને પ્રાપ્ત થતું નથી: માત્ર તે કેળવણીમાં જમાના તથા આપણા રીત રીવાજ અને દેશકાળ અનુસાર કેવા અને કેટલો સુધારો વધારો થવો આવશ્યક છે તે સંબંધી સંક્ષેપમાં આગળ ઉપર કહેશું.

૨. જુનાગઢની આખી નાગર જ્ઞાતિમાં કુલ ૧૧૪૦ પુરૂષો છે; તેમાંના ૪ વર્ષ સુધીના છોકરાં ૧૪૩ છે તે તો સર્વાંશે કેળવણી સંબંધે ગણત્રીમાંથી બાદ કરવા ના થાય છે; એટલે ૧૧૪૦ માંથી ૧૪૩ બાદ જતાં કુલ ૯૯૭ પુરૂષો રહે છે.

૩. સામાન્ય રીતે છોકરાઓમાં કેળવણીની શરૂવાત સાતમે વર્ષથી થાય છે પણ કેટલાક છોકરાના પ્રસંગમાં વર્ષ દીવસ વેહેલી મોડી પણ તે શરૂવાત થાય છે. ગણત્રી ઉપરથી નક્કી થયું છે કે ૧૯૫ છોકરાઓએ બાળક વય સબબ કેળવણી લેવાનું હજુ શરૂ કર્યું નથી અને ૧ ની મન તથા મગજ સ્થિતિ જન્મથીજ અસ્વસ્થ છે એટલે તેણે પણ કેળવણી લીધી નથી એ પ્રમાણે કુલ ૧૯૬ વગર ભણેલા છે.

કુલ ૧૧૪૦ પુરૂષોમાં ભણેલા કે ભણતા અને અભણ છે તેના બે વિભાગ પાડતાં નીચે પ્રમાણે સંખ્યા દરેક વર્ગમાં આવે છે.

કુલ પુરૂષો	ભણેલા કે ભણતા	અભણ
૧૧૪૦	૯૪૪	૧૯૬

કુલ ૯૪૪ પુરૂષો ભણેલા કે ભણતા છે તેની વિગત નીચે મુજબ છે.

